ધી કિંગ રીડર્સ, નં૦ ૧ લાનું મિનિંગ.

(કમ્પલીટ.)

વિદ્યાર્થીઓને પુરેપુરી સમજાવા મળે એવી રીતે
સઘળા બોલોનું ઈંગ્રેજીમાં પદચ્છેદ, ગુજરાતી
ઉચ્ચાર, ગુજરાતી અર્થ, તેમજ ગુજરાતીમાં
આખી બુકનો તરજુમો આપવામાં
આવ્યો છે.

નાનાભાઈ બેજનજી કરાણી.

પુસ્તક વેચનાર તથા પ્રગટ કરનાર, ભિવન્ડીવાલા તેરેસ,
ધોબીતળાવ, મુંબઈ, નં. ૨.

કીંમત ૧૦ આના.

PRINTED BY [illegible]OMJEE DOSSABHOY SHROFF AT
THE J. N. PETIT PARSI ORPHANAGE CAPTAIN
PRINTING WORKS, NO. 141, LAL BAUGH, PAREL,
AND PUBLISHED BY NANABHAI BEJANJI
KARANI, BHIVANDIVALA TERRACE, DHOBI
TALAO; BOMBAY, NO. 2.

ધી કિંગ રીડર્સ, નં. ૧ લાના મીનિંગ.

1. BABY ૧. બાળક.

Baby, *n.* (બેબિ) બાળક
See, *v. t.* (સી) જોઉ છું
She, *pron.* (શી) તેણી
Is sitting, *v. i.* (ઇઝ સિટિંગ) બેઠીછે
Table, *n.* (ટેબલ) મેજ
Fan, *n.* (ફૅન) પંખો
Where, *ad.* (હ્વેર) ક્યાં
Behind, *prep.* (બિહાઇન્ડ) પછવાડે
Close *ad.* (ક્લોસ) નજદીક
In front of, (ઇન ફ્રંટ ઑફ) આગળ
Big, *adj.* (બિગ) મોટું
Will fall, *v. i* (વિલ ફૉલ)પડી જશે
Oh, *interj.* (ઓહ) અરે
Safe, *adj.* (સેફ) સહી સલામત
What, *pron.* (વૉટ) શું
There, *ad.* (ધેર) ત્યાં
Round, *prep.* (રાઉન્ડ) આસપાસ
Neck, *n.* (નેક) ગરદન
Necklace, *n.* (નેકલેસ) માળા
Has, *v. t.* (હૅઝ) પાસે છે
Bangle, *n.* (બૅંગલ) બાંગડી
Each, *adj.* (ઇચ) દરેક
Hand, *n.* (હૅન્ડ) હાથ
An, *art.* (ઍન) એક
Anklet, *n.* (ઍન્કલેટ) કલ્લું
Ankle, *n.* (ઍનકલ) ઘુંટી
Is holding, *v. t.* (ઇઝ હોલડિંગ) પકડેછે.
Flower, *n.* (ફ્લાવર) ફૂલ
Left, *adj.* (લેફ્ટ) ડાબો
Tell, *v. t.* (ટેલ) કહો
Name, *n.* (નેમ) નામ
Call, *v. t* (કૉલ) કહીયે છીયે
Walk, *v. i.* (વૉક) ચાલવું
Yes, *ad.* (યેસ) હા
A little, *ad.* (એ લિટલ) જરા
Talk, *v. i.* (ટૉક) વાત કરવી
Well, *ad.* (વેલ) સારી રીતે
When, *ad.* (હ્વેન) જ્યારે
Gets, *v. i.* (ગેટ્સ) થાય છે
Will run, *v. i.* (વિલ રન) દોડશે
Be, *v. i.* (બિ) થજો
Little, *adj.* (લિટલ) નાના

હું એક બાળક જોઉં છું. તેણી તે મેજ ઉપર બેઠી છે. હું એક પંખો જોઉં છું. તે પંખો ક્યાં છે ? તે પેલાં બાળકની પછવાડે છે. તેણી તેની આગળ નજદીક બેઠી છે. બાળક તે પંખા જેટલું મોટું નથી. શું તેણી પડી નહિ જશે ? અરે નહિ, તેણી પડી જશે નહિ. તેણી તે મેજ ઉપર સહી સલામત છે. તેણીની ગરદનની આસપાસ શું છે ? તેણીની ગરદનની આસપાસ એક માળા છે. તેણીના દરેક હાથ ઉપર એક બાંગડી છે, અને દરેક ઘુંટી ઉપર એક કલ્લું છે. તેણી પોતાના ડાબા

હાથમાં એક ફૂલ પકડે છે. મને તેણીનું નામ કહો. અમે તેણીને બાળક કહીયે છીયે. તેણી ચાલી શકે છે ? હા, તેણી જરા ચાલી શકછે. તેણી વાત કરી શકેછે? નહિ, તેણી બરાબર વાત કરી શકતી નથી. જ્યારે તેણી મોટી થશે, ત્યારે તેણી વાત કરશે, અને તેણી દોડશે. નાના બાળક તરફ માયાળુ થજો.

2. THE MANGO. કેરી.

Mango, *n.* (મૅન્ગો) કેરી
The, *def. art.* (ધ ધિ*) તે
Here, *ad.* (હિઅર) અહિંયા
Are, *v. i.* (આર) છે
Three, *adj.* (થ્રી) ત્રણ
Nice, *adj.* (નાઇસ) સુંદર
Mangoes, *n.* (મૅનગોઝ) કેરીઓ
These, *adj.* (ધીઝ) આ
Quite, *ad.* (ક્વાઇટ) તદ્દન
Ripe, *adj.* (રાઇપ) પાકી
Full, *adj.* (ફુલ) ભરેલી
Sweet, *adj.* (સ્વીટ) મીઠો
Juice, *n.* (જ્યુસ) રસ
Leaves, *n.* (લીવ્ઝ) પાંદડાં
Two, *adj.* (ટુ) બે
Leaf, *n.* (લીફ) પાંદડું
Stalk, *n.* (સ્ટૅાક) સાંઠો
May eat, *v. t.* (મે ઇટ) ખાઉં
One, *adj.* (વન) એક
If, *conj.* (ઇફ) અગરજો
Like, *v. i.* (લાઇક) ગમવું
Come, *v. i.* (કમ) આવો
Here, *ad.* (હિયર) અહિંયાં
Sit, *v. i.* (સિટ) બેસો
Down, *ad.* (ડાઉન) નીચે
Tastes, *v. i.* (ટેસ્ટ્સ) સ્વાદ આપેછે
Very, *ad.* (વેરિ) ઘણો
Did get, *v. t.* (ડિડ ગેટ) મેળવ્યું
Got, *v. t.* (ગૅાટ) મેળવ્યું
From, *prep.* (ફ્રૅામ) માંથી
Tree, *n.* (ટ્રી) ઝાડ
Garden, *n.* (ગારડન) વાડી
Any, *adj.* (ઍનિ) કાંઇ
More, *adj.* (મોર) વધારે
Other, *adj.* (અધર) બીજી
Green, *adj.* (ગ્રીન) લીલી

અહિંયાં ત્રણ સુંદર કેરી છે. આ કેરી તદ્દન પાકેલી, અને મીઠા રસથી ભરેલી છે. તમે પાંદડાં જોઇ શકોછો ? હા, હું બે પાંદડાં જોઇ શકું છું. દરેક કેરી અને દરેક પાંદડું એક સાંઠા ઉપર છે. હું આ કેરીઓમાંની એક ખાઉં ? હા, જો તમારી મરજી પડે તો તમે એક ખાઓ. અહિંયાં આવો, અને બેસો અને તે ખાવો. મને આ કેરી ગમેછે. તેનો ઘણો સરસ સ્વાદ આવેછે. તમને તે કયાંથી મળી ? મને તે બાગમાંના ઝાડ ઉપરથી મળી. તે ઝાડ ઉપર કાંઇ વધારે પાકી કેરી છે ? નહિ, તે ઝાડ ઉપરની બીજી કેરીઓ લીલી છે. લીલી કેરીઓ ખાતા ના.

---

* ઉપલો શબ્દ જો સ્વરથી શરૂ થતા શબ્દોની આગમજ આવે તો તેનો ઉચ્ચાર ધિ કરવો અને વ્યંજનથી શરૂ થતા શબ્દોની આગમજ આવે તો તેનો ઉચ્ચાર ધ કરવો.

૩. THE KNIFE. છરી.

This, *pron.* (ધિઝ) આ

Little, *adj.* (લિટલ) નાની

Knife, *n.* (નાઇફ) છરી.

Can cut, *v. t.* (કૅન કટ) કાપી શકે

Fruit, *n.* (ફ્રુટ) ફળ

Paper, *n.* (પેપર) કાગળ

Pencil, *n.* (પેનસિલ) સીસાપેન

Yes, *ad.* (યેસ) હા

Hard, *adj.* (હાર્ડ) કઠણ

But, *conj.* (બટ) પણ

Has, *v. t.* (હૅઝ) છે, પાસેછે

Handle, *n.* (હૅનડલ) હાથો

Sharp, *adj.* (શાર્પ) તીક્ષ્ણ;ધારવાળાં

Blades, *n.* (બ્લેડઝ) પાના

Open, *adj.* (ઓપન) ઉઘાડી.

Shut, *v. t.* (શટ) બંધ કરો

Will give, *v. t.* (ઉવિલ ગિવ) આપશો.

Want, *v. t.* (ઉવૉન્ટ) જોઇએ છે

Myself, *pron.* (માઇ સેલ્ફ) મને પોતાને.

Will put, *v. t.* (ઉવિલ પુટ) મુકીશ

Box, *n.* (બૉક્સ) દાબડો

What, *pron.* (ઉવૉટ) શું

Else, *adj.* (એલ્સ) બીજું

Have, *v. t.* (હૅવ) પાસેછે

Your, *pron.* (યૉર) તમારા

Any, *adj.* (ઍનિ) કાંઇ

Some, *adj.* (સમ) થોડું

Nice, *adj.* (નાઇસ) સુંદર

White, *adj.* (ઉવ્હાઇટ) સફેદ

Milk, *n.* (મિલ્ક) દુધ

Let, *v. t.* (લેટ) દો

With, *prep.* (ઉવિથ) થી

Tell, *v. t.* (ટેલ) કહો

Name, *n.* (નેમ) નામ

Pen, *n.* (પેન) કલમ

Call, *v. t.* (કૉલ) કહેવું

Penknife, *n.* (પેન નાઇફ) ચપ્પુ

Where, *ad.* (ઉવ્હેર) ક્યાંથી

Did buy, *v. t.* (ડિડ બાઇ) ખરીદી

Bought, *v. t.* (બૉટ) ખરીદી

Shop, *n.* (શૉપ) દુકાન

Did pay, *v. t.* (ડિડ પે) કિંમત આપી

Paid, *v. t.* (પેડ) કિંમત આપી

Eight, *adj.* (એઇટ) આઠ

Annas, *n.* (ઍનાઝ) આના

When, *ad.* (ઉવ્હેન) જ્યારે

Work, *n.* (ઉવર્ક) કામ

Is begun, *v. t.* (ઇઝ બિગન) શરૂ થાય

Once, *ad.* (વન્સ) એકવાર

Stop, *v. t.* (સ્ટૉપ) થોભવું

Till, *conj.* (ટિલ) જ્યાસુધી

Is done, *v. t.* (ઇઝ ડન) પુરું થાય

Great, *adj.* (ગ્રેટ) મોટું

Small, *adj.* (સ્મૉલ) નાનું

Well, *ad.* (ઉવેલ) બરાબર

Not, *ad.* (નૉટ) નહિ

At all, *ad.* (ઍટ ઑલ) બીલકુલ

જુઓ, આ મારી નાની છરી છે. તે ફળ કાપી શકે છે. તે કેરી કાપી શકેછે. તે કાગળ કાપી શકે છે. તે સીસાપેન કાપી શકે છે ? હા, સીસાપેન કઠણ હોય છે, પણ મારી છરી તે કાપી શકે છે. તેને એક હાથો અને ત્રણ ધારવાળાં પાના છે. તે ઉઘાડી છે, અને તમે તે ધારવાળા પાના જોઇ શકો છો. જો તમે તે બંધ કરો, તો તમે તે પાના જોઇ શકો નહીં. તમે મને આ છરી આપશો ? નહિ, હું તમને આ છરી આપી શકતો નથી. મને તે પોતાને જોઇએ છે. હું તેને મારા દાબડામાં મુકીશ, તમારી પાસે તમારા દાબડામાં બીજું શું છે ? તમારી પાસે કાંઇ કાગળ છે ? હા, મારી પાસે થોડું કાગળ છે. આ સરસ સફેદ કાગળ છે. તે દુધ જેવું સફેદ છે. તમારી છરી વડે મને તે કાપવા દો. મને આ છરીનું નામ કહો. તે કલમ કાપી શકે છે, અને આપણે તેને ચપ્પુ કહીયે છીયે. આ સુંદર છરી તમે કયાંથી ખરીદી ? મેં તે એક દુકાનમાંથી ખરીદી. તમે તેનું શું આપ્યું ? મેં આઠ આના આપ્યા.

જ્યારે તમારૂં કામ એકવાર શરૂ થાય, ત્યારે જ્યાંસુધી તે પુરૂં થાય ત્યાંસુધી થોભતા ના, તમારૂં કામ મોટું હોય કે નાનું હોય, તો પણ તે સારી રીતે કરજો, અથવા બીલકુલ કરતાજ ના.

4. THE COW. ૪ ગાય.

Cow, *n.* (કાઉ) ગાય
Picture, *n.* (પિકચર) ચિત્ર
Calf, *n.* (કાફ) વાછરડો
Man, *n.* (મૅન) માણસ
Woman, *n.* (વુમન) બાયડી
Who, *pron.* (હુ) કોણ
Is doing, *v. t.* (ઇઝ ડુઇંગ) કરેછે
Milkman, *n.* (મિલકમૅન) દુધવાળો, દુધ ડોહનાર
His, *pron.* (હિઝ) તેની
Is sitting, *v.i.* (ઇઝ સિટિંગ) બેઠીછે
Ground, *n.* (ગ્રાઉન્ડ) જમીન
Is milking, *v. t.* (ઇઝ મિલ્કિંગ) દુધ દોહે છે
Things, *n.* (થિંગઝ) ચીજો
Close to, *prep.* (કલોસ ટુ) પાસે
There, *ad.* (ધેર) ત્યાં
Big, *adj.* (બિગ) મોટું
Round, *adj* (રાઉન્ડ) ગોળ
Pot, *n.* (પૉટ) વાસણ
Larger, *adj.* (લારજર) વધારે મોટા
Gets, *v. i.* (ગેટઝ) થાય છે
Full, *adj.* (ફુલ) ભરેલું
Milk, *n.* (મિલક) દુધ
Will pour, *v. t.* (વિલ પોર) રેડશે
Does come, *v i.* (ડઝ કમ) આવેછે
Here, *ad.* (હિયર) અહિંયાં
Comes, *v. i.* (કમઝ) આવેછે
Every, *adj.* (એવરિ) દર
Morning, *n.* (મૉરનિંગ) સહવાર
Goes, *v. i.* (ગોઝ) જાય છે
House, *n.* (હાઉસ) ઘર
To sell, *inf.* (ટુ સેલ) વેચવાને
Is standing, (ઇઝ સ્ટૅન્ડિંગ) ઉભી છે
Has come, *v. i* (હૅઝ કમ) આવીછે
House, *n.* (હાઉસ) ઘર
Behind, *prep.* (બિહાઇન્ડ) પછવાડે
To get, *inf.* (ટુગેટ) લેવાને, મેળવવાને

That, *adj.* (ધૅ ટ) તે; પેલો
Hers, *pron.* (હર્ઝ) તેણીનો
Will fill, *v. t.* (ઉવિલ ફિલ) ભરશે
With, *prep.* (ઉવિથ) થી
Will take, *v. t.* (ઉવિલ ટેક) લઇ જશે.
Away, *ad.* (અવે) દૂર
Bangles, *n.* (બૅન્ગલ્ઝ) બાંગડી
Wrists, *n.* (રિસ્ટઝ) હાથની કાંડી
Anklets, *n.* (ઍન્કલેટઝ) કલ્લાં
Ankles, *n.* (ઍન્કલ્ઝ) પગની ઘુંટી
Nose-ring, *n.* (નોઝ રિંગ) નથ
Nose *n.* (નોઝ) નાક
Ear-rings, *n* (ઇયર-રિંગઝ) એરીંગ
Ears, *n.* (ઇયરઝ) કાન
Is doing *v. t.* (ઇઝ ડુઇંગ) કરેછે
Is eating, *v. t.* (ઇઝ ઇટિંગ) ખાયછે
Out of, *prep.* (આઉટ ઑફ) માંથી
Basket *n.* (બાસ્કેટ) ટોપલી.
Head, *n.* (હેડ) માથું
Underneath, *prep.* (અનડરનીથ) નીચે.
Mother, *n.* (મધર) મા.
Is trying, *v. t.* (ઇઝ ટ્રાઇંગ) કોશેશ કરેછે.
To drink, *inf.* (ડ્રિન્ક) પીવાને
Has milked, *v. t.* (હૅઝ મિલ્કડ) દુધ ડોહી રહેશે.
Will let, *v. t.* (ઉવિલ લેટ)દેશે
Grass, *n.* (ગ્રાસ) ઘાસ
Bran, *n.* (બ્રૅન) થુલુ
Beans, *n.* (બીન્ઝ) શીંગ
Straw, *n.* (સ્ટ્રૉ) પરાળ
Clear, *adj.* (કલિયર) સ્વચ્છ
Cold, *adj.* (કોલ્ડ) ઠંડું
Water, *n.* (ઉવૉટર) પાણી
Why, *ad.* (ઉવ્હાય) શામાટે
Hind, *adj.* (હાઇન્ડ) પાછળા
Legs, *n.* (લેગઝ) પગો
Are tied, *v. t.* (આર ટાઇડ) બાંધેલા છે
Together, *ad.* (ટુગેધર) સાથે
To keep, *inf.* (કિપ) અટકાવવાને
Kicking, *ger.* (કિકિંગ) લાત મારવી
Kicked, *v. i.* (કિક્ડ) લાત મારી
Might upset, *v. t.* (અપસેટ) ઉંધુ વાળે.
Hurt, *v. t.* (હર્ટ) ઇજા કરે
Sweet, *adj.* (સ્વીટ) મીઠું
Quite, *ad.* (કવાઇટ) તદન
Like, *v. t.* (લાઇક) ગમેછે
Much, *ad.* (મચ) ઘણું
Everyday, *adj.* દરરોજ.
Young, *adj.* (યંગ) નાની, જુવાન
Is called, *v. t.* (ઇઝ કૉલ્ડ) કહેવાયછે

તમે આ ચિત્રમાં શું જુવો છો તે મને કહો. હું એક ગાય, અને એક વાછરડું અને એક માણસ અને એક બાયડી જોઇ શકું છું. તે માણસ કોણ છે, અને તે શું કરેછે? તે દુધવાળો છે તે ગાય તેની છે, તે જમીન ઉપર બેઠોછે, અને ગાયનું દુધ ડોહેછે. હું દુધ ડોહનારની પાસે જમીન ઉપર બે ચીજ જોઇ શકું છું. તે શું છે અને તે શાને માટ છે? ત્યાં એક મોટું ગોળ વાસણ છે. અને તેની નજદીક એક નાનું વાસણ છે. દુધ ડોહનાર વધારે મોટાં વાસણમાં ડોહે છે. જ્યારે તે દુધથી

ભરાઇ જાયછે, ત્યારે તે જમીન ઉપરના બે વાસણમાં દુધ રેડશે. દુધવાળો અહિયાં ક્યારે આવશે. તે અહિંયા દરરોજ સહવારે ગાય ડોહવવા આવે છે. તે પોતાની ગાય ડોહવવાને અને પોતાનું દુધ વેચવાને એક ઘરથી બીજે ઘર જાય છે. ત્યાં પેલી બાયડી શામાટે ઉભી છે અને તે ક્યાંથી આવે છે ? તેણીને શું જોઇએ છે ? તેણી તે ગાયની પછવાડેના ઘરમાંથી આવીછે. તેણી થોડું દુધ લેવા આવીછે. જમીન ઉપરનું તે નાનું વાસણ તેણીનું છે. તે દુધ ડોહનાર તેને દુધથી ભરશે, અને તેણી તે લઇ જશે. તેણીના હાથની કાંડી ઉપર બાંગડીઓ, તેણીના પગની ઘુંટી ઉપર કલ્લાં, તેણીના નાકમાં એક નથ, અને તેણીના કાનમાં એક એરીંગ છે. તે ગાય શું કરેછે ? તે ગાય જમીન ઉપરની એક ટોપલીમાંથી ખાય છે. તે વાછરડું શું કરે છે ? તે વાછરડું પોતાની માયની હેઠે પોતાનું માથું મુકે છે, અને પીવાને માટે થોડુંક દુધ મેળવવાની કોશેશ કરે છે. તે વાછરડાંને કાંઇ દુધ મળશે ! હા, જ્યારે દુધ ડોહનાર પોતાનું વાસણ ભરીને દુધ ડોહી રહેશે, ત્યારે તે વાછરડાંને તેની માય કનેથી થોડુંક દુધ પાવા દેશે. ગાય શું ખાય છે અને પીએ છે ? તેણી ઘાસ, અને ગુલું અને શીંગ, અને પરાળ ખાય છે. તેણી સ્વચ્છ ઠંડું પાણી પીએ છે. શામાટે તેણીના પાછળા પગ સાથે બાંધ્યા છે ? તેણીને લાત મારતી અટકાવવાને તે બાંધવામાં આવ્યા છે. જો તેણી લાત મારે તો તે દુધનું વાસણ ઊંધું વાળે, અથવા દુધ ડોહનારને ઇજા કરે. દુધ ઘણું સુંદર અને મીઠું હોય છે. તે તદન સફેદ હોય છે, મને તે ઘણું ગમે છે. હું દર રોજ દુધ પીઊં છું, દુધ સફેદ, અને સુંદર અને મીઠું હોય છે. નાની ગાયને વાછરડું કહે છે.

5. THE HORSE. ૫ ઘોડો.

Horse, *n* (હૉર્સ) ઘોડો
Long, *ad.* (લૉન્ગ) લાંબા
Tail, *n.* (ટેલ) પુછડી
Hair, *n.* (હેર) વાળ
Very, *ad.* (વેરિ) ઘણો
Strong, *adj* (સ્ટ્રૉન્ગ) જોરાવર
Can run, *v. i.* (કૅન રન) દોડી શકેછે
Fast, *adj.* (ફાસ્ટ) ઝડપથી
Can carry, *v. t.* (કૅન કૅરિ)લઇ જઇ શકેછે.
Back, *n* (બૅક) પીઠ
Far, *adj.* (ફાર) દૂર
Neck, *n.* (નેક) ગરદન
Small, *adj.* (સ્મૉલ) નાનું
Can hear, *v i.* (કૅન હિયર) સાંભળી શકેછે.
Well, *ad.* (ઉવેલ) સારી રીતે
Short, *adj.* (શૉર્ટ) ટુંકો
Like, *adj.* (લાઇક) માફક
Tall, *adj.* (ટૉલ) ઉંચો
Bring, *v. t.* (બ્રિંગ) લાવો.
May ride, *v. t.* (મે રાઇડ) સ્વારી કરૂ
May get, *v. t.* (મે ગેટ) બેસો
Will hold, *v. t.* (ઉવિલ હોલ્ડ) પકડી રાખીશ.
May fall, *v. t.* (મે ફૉલ) પડી જાઉં
Is walking, *v. t.* (ઇઝ ઉવૉકિંગ) ચાલેછે.

ઘોડાને લાંબા પગ અને વાળની લાંબી પુછડી હોય છે. તે ઘણો જોરાવર હોય છે. તે ઘણો ઝડપથી દોડી શકે છે. તે પોતાની પીઠ ઉપર એક માણસને ઘણે દુર લઇ જઇ શકે છે. તેને લાંબી ગરદન, નાનું માથું, અને નાના કાંન હોય છે, અને ઘણો સારી રીતે સાંભળી શકે છે. તે ગાય જેવો ટુંકો નથી. તે માણસ જેનો ઉંચો છે. પેલા ઘોડાને અહિયાં લાવો. હું તેની ઉપર સ્વારી કરૂં ? હા, તમે તેની પીઠ ઉપર બેસો, અને સ્વારી કરો. હું તમને પકડી રાખીશ. તેને ઘણો ઝડપથી દોડવા દેતા ના. જો તમે તેને ઝડપથી દોડવા દેશો તો હું પડી જવશ. તે કેવો ઝડપથી ચાલે છે. ઘોડો ઘણો ઝડપથી દોડી શકે છે.

6. THE CHAIR. ૬. ખુરસી.

Chair, *n.* (ચેર) ખુરસી
Useful, *adj.* (યુસફુલ) ઉપયોગી
Sit, *v. t.* (સિટ) બેસું છું
Some, *adj.* (સમ) થોડાંક, કેટલાંક
Mat, *n.* (મૅટ) સાદડી, ચટાઇ
Wet, *adj.* (ઉવેટ) ભીંજાયલી
May be, *v. t.* (મે બી) હસે
Four, *adj.* (ફોર) ચાર
Is made, *v. t.* (ઇઝ મેડ) બનાવેલીછે
Cane, *n.* (કેન) નેતર
Back, *n* (બૅક) પીઠ
Thin, *adj.* (થિન) પાતળી

Bits, *n.* (બિટ્સ) ટુકડા
Thick, *adj.* (થિક) જાડા
Seat, *n.* (સીટ) બેઠક
Feels, *v. i.* (ફીલ્સ) લાગે છે.
Soft, *adj.* (સૉફ્ટ) નરમ
Pain, *n.* (પેન) દરદ
Sat, *v. i.* (સૅટ) બેઠો
Home, *n.* (હોમ) ઘર
Got, *v. i.* (ગૉટ) થયો
To stand, *inf.* (સ્ટૅન્ડ) ઉભા રહેવુ
To morrow, (ટુ મૉરો) આવતી કાલે.

શું આ એક સુંદર ખુરસી નથી ? તે ઘણી ઉપયોગી છે. હું ખુરસી ઉપર બેસું છું. કેટલાક માણસો સાદડી ઉપર બેસે છે. જમીન ભીની હોય. જો હું ખુરસી ઉપર બેસું તો હું ભીંજાતો નથી. આ ખુરસીને ચાર પૈયા છે, તે શાના બનાવેલા છે ? તે નેતરના બનાવેલા છે. પીઠ નેતરના પાતળા ટુકડાની બનાવેલી છે ? પૈયા નેતરના જાડા ટુકડાના બનાવેલા છે. બેઠક નેતરની બનાવેલી છે, અને નરમ લાગે છે. પેલા માણસને તેની પીઠમાં દરદ થાય છે. તે ઘરમાં સાદડી ઉપર બેઠો, અને ભીંજાઇ ગયો તેને કહો કે ઉભો રહે નહિ. તેને આ ખુરસી ઉપર બેસવા દો. અહિયાં આવો અને મારી ખુરસી ઉપર બેસો. તમારી પાસે ખુરસી છે ? નહિ, હું આવતી કાલે એક ખરીદીશ. ખુરસી બેસવાને માટે બનાવેલી હોય છે. ખુરસીને પીઠ અને બેઠક અને પૈયા હોય છે.

DAYS OF THE WEEK. અઠવાડિયાંનાં દિવસો.

Days, *n.* (ડેઝ) દિવસો
Week, *n.* (ઉવીક) અઠવાડિયાં

Seven, *adj.* (સેવન) સાત
Sunday, *n.* (સન્ડે) રવિવાર.

Monday, *n.* (મન્ડે) સોમવાર
Tuesday, *n.* (ટ્યુઝડે) મંગળવાર
Wednesday, *n.* (વેનસડે) બુધવાર
Thursday, *n.* (થર્સડે) ભેસપતવાર
Friday, *n.* (ફ્રાઇડે) શુક્રવાર
Saturday, *n.* (સૅટરડે) સનીવાર

અઠવાડિયાનાં સાત દિવસો છે. તેઓ—૧ રવીવાર, ૨ સોમવાર, ૩ મંગળવાર ૪ બુધવાર, ૫ ભેસપતવાર, ૬ શુક્રવાર, ૭ શનીવાર છે.

7. THE BULLOCK CART. ૭. બળદનું ગાડું.

Bullock, *n.* (બુલક) બળદ
Cart, *n.* (કાર્ટ) ગાડું
Sitting, *pr. p.* (સિટિંગ) બેઠેલો
Cartman, *n* (કાર્ટમૅન) ગાડાંવાળો
Beard, *n.* (બીયર્ડ) દાઢી
Chin, *n.* (ચિન) હડપચી
Turban, *n.* (ટરબન) પાઘડી
Drives, *v. t.* (ડ્રાઇવ્ઝ) હાંકેછે
How, *ad.* (હાઉ) કેમ
Pulls, *v. t.* (પુલ્ઝ) ખેંચેછે
Wheels, *n.* (વ્હીલ્સ) પૈડાં
Each, *adj.* (ઇચ) દરેક
Side, *n.* (સાઇડ) બાજુ
Round, *ad.* (રાઉન્ડ) ગોળ
Along, *prep.* (અલૉન્ગ) પરથી
Road *n* (રોડ) રસ્તો
Now, *ad.* (નાઉ) હવે, હમણાં
Still, *adj.* (સ્ટિલ) સ્થિર
Street, *n.* (સ્ટ્રીટ) મહોલ્લો
Lives, *v. i.* (લિવ્ઝ) રહેછે.
Far away, *ad.* (ફાર અવે) ઘણે દૂર
Friend, *n.* (ફ્રેન્ડ) મિત્ર
Wanted, *v. t.* (વૉન્ટેડ) ઇચ્છતો હતો.
Talk, *inf.* (ટૉક) વાત કરવી
Gave, *v t.* (ગેવ) આપ્યો
Talking, *pr. p.* (ટૉકિંગ) વાતકરતો
Has done, *v. i* (હૅઝ ડન) પુરૂં કરી રહેલે

Is waiting, *v. i.* (ઇઝ વેટિંગ) રાહ જુએછે.
Outside, *n.* (આઉટ સાઇડ) બહાર
Top, *n* (ટૉપ) મથાળું
Sticks, *n.* (સ્ટિક્સ) લાકડીઓ
Are bent, *v. t.* (આર બેન્ટ) વાળેલી હોય
Inside, *prep.* (ઇનસાઇડ) અંદર
Ropes, *n.* (રોપ્સ) દોરડાં
Use, *n.* (યુસ) ઉપયોગ
Keeps off, *v. t.* (કીપ્સ ઑફ) દૂર રાખે છે.
Sun, *n.* (સન) તડકું
Rain, *n.* (રેન) વરસાદ
Get, *v. i.* (ગેટ) દાખલ થવું
Cool, *adj.* (કુલ) ટાંડકવાળું
Dry, *adj.* (ડ્રાઇ) સુકું
String, *n.* (સ્ટ્રિંગ) દોરી
Through, *prep.* ( ) માં
End, *n.* (એન્ડ) છેડો
Stops, *v. i.* (સ્ટૉપ્ઝ) થોભેછે
Whip, *n.* (વ્હિપ) ચાબકો
Hand, *n.* (હૅન્ડ) હાથ
Whips, *v. t.* (વ્હિપ્ઝ) ચાબક મારે છે.
To make it go, તેને ચલાવવાને.
Taller, *adj.* (ટૉલર) વધારે ઉંચો
Than, *conj.* (ધૅન) કરતાં
Hoof, *n.* (હુફ) ખરી.

Piece, *n.* (પીસ) ટુકડો
Pieces, *n.* (પીસિઝ) ટુકડા
Horns *n.* (હૉર્નઝ) શીંગડાં
None, *pron.* (નન) કાંઇ નહિ.

હું એક માણસને ગાડામાં બેઠેલો જોઉં છું. તે કોણ છે? તે ગાડાંવાળો છે. તેની હડપચી ઉપર દાઢી છે. અને તેના માથા ઉપર પાઘડી છે. આ ગાડું તેનું છે તે બળદનું ગાડું છે. તે બળદ હાંકે છે. ગાડું કેમ ચાલે છે? બળદ ગાડું ખેંચે છે. ગાડાંને દરેક બાજુએ બે મોટાં ગોળ પૈડાં હોય છે. જ્યારે બળદ ખેંચે છે, ત્યારે પૈડું ગોળ ફરે છે, અને ગાડું રસ્તા ઉપર દોડે છે. હમણા તે મહોલ્લામાં સ્થિર ઉભું છે. અહિયાં તે શામાટે સ્થિર ઉભું છે? કોઇ જે ઘણો દૂર રહે છે, તેનો આ ઘરમાં એક મિત્ર છે. તે તેને મળવા અને તેની સાથે વાત કરવા માંગતો હતો. તેને પોતાને અહિયાં લાવ-વાને તે ગાડાંવાળાને બે આના આપ્યા. તે હમણા ઘરમાં પોતાના મિત્ર સાથે વાત કરે છે. જ્યારે તે વાત કરી રહેશે, ત્યારે તે બહાર આવશે, અને આ ગાડાંમાં (બેસીને) ઘેર જશે. ગાંડાવાળો બહાર તેની રાહ જુએ છે. તે ગાડાનું છાપરૂં શાનું બનાવેલું છે? તે ગાડાંનું છાપરૂં નેતરની પટી અને સાદડીનું બનાવેલું છે. નેતરની પટીઓને તે ગાડાંની ઉપર એક ગમથી બીજી ગમ જવાને ગોળ વાળેલી હોય છે. તમે તે ગાડાંની અંદરની બાજુએ જોઇ શકશો. સાદડીઓને પાતળાં દોરડાં વડે તેઓની સાથે બાંધવામાં આવેલી હોય છે. છાપરાંની બહારની બાજુએ સાદડી ઉપર દોરડાં બાંધેલા તમે ચિત્રમાં જોઇ શકશો. ગાડાંનું છાપરૂં શા ખપનું છે? ગાડાંનું છાપરૂં તડકાં અને વરસાદને દુર રાખે છે. તડકું અંદર દાખલ થઇ શકતું નથી, અને વરસાદ અંદર દાખલ થઇ શકતો નથી. ગાડાંની અંદર ઠંડકવાળું અને સુકું હોય છે. ગાડાંવાળો બળદ કેમ હાંકે છે? એક દોરી તે બળદના નાકમાં પોવામાં આવે છે. તેને એક દોરડું બાંધે છે. હાંકનાર તે દોરડાંનો એક છેડો પકડી રાખે છે. જ્યારે તે દોરડું ખેંચે છે, ત્યારે બળદ થોભેછે. તેના હાથમાં એક ચાબક હોય છે. જો બળદ ચાલે નહિ, તો તેને ચલાવવા માટે તે તેને ચાબકો મારેછે. ઘોડાને લાંબા પગ હોય છે બળદને ટુંકા પગ હોય છે. બળદ ઘોડાની માફક ઝડપથી દોડી શકતો નથી. ઘોડો બળદ કરતાં વધારે ઉંચો હોય છે. ઘોડાની ખરી એક ટુકડામાં હોય છે બળદની ખરી બે ટુકડામાં હોય છે, બળદના માથાં ઉપર શીંગડાં હોય છે, ઘોડાને કાંઇ શીંગડાં હોતાં નથી.

8. TRY TO GET IT. તે મેળવવાની કોશેશ કરો.

Try, *v. t.* (ટ્રાઈ) કોશેશ કરો
Boy, *n.* (બૉય) છોકરો
Mother, *n.* (મધર) માય
Bird, *n.* (બર્ડ) પક્ષી
Can fly, *v. i.* (કૅન ફ્લાઇ) ઉડી શકવું
Wood, *n.* (વુડ) લાકડું
Toy, *n.* (ટૉય) રમકડું
To play, *inf.* (ટુ પ્લે) રમવાને

Please, *v. t.* (પ્લીઝ) મેહેરબાની કરીને
Reach, *v. i.* (રીચ) પહોંચવું
Take, *v. t.* (ટેક) લેવું
High, *ad.* (હાઇ) ઉંચે
Am trying, *v. i.* (ટ્રાઈંગ) કોશેશ કરૂં છું.
But, *conj.* (બટ) પણ.
Toes, *n.* (ટોઝ) પગનાં આંગળાં
A little, *ad.* (એ લિટલ) જરા
Mine, *pron.* (માઇન) મારૂં
Yours, *pron.* (યૉર્ઝ) તમારૂં
Thank, *v. t.* (થૅન્ક) ઉપકાર માનવો
Dear, *adj.* (ડિયર) વહાલી
Loves, *v. t.* (લવ્ઝ) ચાહેછે
Son, *n.* (સન) દીકરો

એક નાનો છોકરો અને તેની માય.

છોકરો.-તમે તે ઉપર શું પકડો છો ? માય.-આ એક નાનુ પક્ષી છે. છોકરો.-તે ઉડી શકશે ? માય.-નહિ, તે લાકડાનું બનાવેલું છે. તે ઉડી શકે નહિ. તે તમારે માટે રમવાનું એક રમકડું છે. છોકરો.-મને તે મહેરબાની કરીને આપો. માય.-ટીંગાઇને લેઓ. છોકરો.-મારાથી એટલે ઉંચે પહોંચાતું નથી.-ત્યાંસુધી પહોંચવાની કોશેશ કરો. છોકરો.-હું કોશેસ કરૂં છૂં, પણ મારાથી પહોંચાતું નથી. માય.-તમારા પગના આંગળાં ઉપર ઉભાં રહો, અને કોશેશ કરો. છોકરો.-જરા તે નીચે ઉતારો. હવે તે મને મળ્યું. તે મારા હાથમાં આવ્યું. હું તેને જવા દઈશ નહિ. હવે આ પક્ષી મારૂં છે ? માય.-હા, હું તે તમને આપું છું હવે તે તમારૂં છે. છોકરો.-વહાલા માય, તમારો ઉપકાર થયો. માય પોતાના નાના દીકરાને ચાહેછે.

9. LEAVES. ૯. પાંદડાં.

Leaves, *n.* (લીવ્ઝ) પાંદડાં
Flower, *n.* (ફ્લાવર) ફુલ.
Do know, *v. t.* (ડુ નો) જાણોછો
Pretty, *adj.* (પ્રિટિ) સુંદર
Look, *v. i.* (લુક) દેખાયછે
Most, *adj.* (મોસ્ટ) ઘણું ખરા
Red, *ad.* (રેડ) લાલ
Yellow, *adj.* (યેલો) પીળાં
Grow, *v. i.* (ગ્રો) ઉગેછે, થાયછે
Trees, *n* (ટ્રીઝ) ઝાડો
Brown, *adj.* (બ્રાઉન) ભુરાં
Old, *adj* (ઓલ્ડ) ઘરડાં
Fall off, *v. i.* (ફૉલ ઑફ) ખરી પડેછે.
Just as, *ad.* (જસ્ટ ઍઝ) જે પ્રમાણે
Want, *v. t.* (ઉવૉન્ટ) જોઇએછે.
Food, *n.* (ફુડ) ખાવાનું
Air, *n.* (ઍર) હવા. [લેવાને.
To breathe, *inf.* (ટુ બ્રીધ) દમ
Too, *ad.* (ટુ) પણ
Must have, *v. t.* (મસ્ટ હૅવ) મળવું જોઇએ.

Mouth, *n.* (માઉથ) મોઢું
Their, *pron.* (ધેર) તેઓનો
Roots, *n.* (રૂટ્સ) મૂળયાં
Only, *ad.* (ઓન્લિ) માત્ર

So many, (સો મૅનિ) એટલાં બધાં
Can ccunt, *v. t.* (કૅન કાઉન્ટ)
ગણી શકવું

શું આ ફુલ છે ? નહિ. પાંદડાં શું છે તે તમે જાણતા નથી ? આ પાંદડાં છે. તેઓ કેવાં સુંદર દેખાય છે ? ઘણાં ખરાં પાંદડાં લીલાં હોય છે. પણ કેટલાંક પાંદડાં લાલ, અને પીળાં અને લીલાં હોય છે. પાંદડાં ઝાડ ઉપર ઉગે છે. સઘળાં પાંદડાં જ્યારે ઘરડાં થાય છે. ત્યારે પીળાં અથવા ભુરાં થાય છે, અને ખરી પડે છે. આ પાંદડાં ઘરડાં નથી. પાંદડાં ઝાડોને શું કામ લાગે છે ? જેમ માણસને ખાવાને ખોરાક અને દમ લેવાને હવા જોઇએ છે. તેમ ઝાડોને પણ ખોરાક, અને પીવાનું અને હવા જોઇયે છે. તમે તમારાં મોઢાં વડે ખાઓ છો અને પીઓ છો, નહિ વારૂ ? ઝાડો પોતાનો ખોરાક પોતાના પાંદડાં વડે હવામાંથી અને જમીનમાંથી પોતાના મુળીયાં વડે ચુસેછે. પણ તમને માત્ર એક મોઢું છે. એક ઝાડને એટલા બધાં પાંદડાં હોયછે, કે તમે તે ગણી શકો નહિ. લીલાં પાંદડાં ઝાડ ઉપર ઉગેછે.

10. SOME NUMBERS. ૧૦ થોડીક સંખ્યા.

Numbers, *n.* (નમબર્ઝ) સંખ્યા
Teach, *inf.* (ટીચ) શીખવવું
Fingers, *n.* (ફિનગર્ઝ) આંગળાં
Five, *adj.* (ફાઇવ) પંચ
Had, *v. t.* (હૅડ) પાસે હતે
More, *adj.* (મોર) વધારે
Would have, *v. t.* (વુડ હૅવ) હતે
Six, *adj.* (સિક્સ) છ
Seven, *adj.* (સેવન) સાત
Feet, *n.* (ફીટ) પગ
Eight, *adj.* (એઇટ) આઠ
Four, *adj.* (ફોર) ચાર
Nine, *adj.* (નાઇન) નવ
Makes, *v. t.* (મેક્સ) કરેછે
Ten, *adj.* (ટેન) દસ

Eleven, *adj.* (ઇલેવન) અગીયાર
Twelve, *adj.* (ટવેલ્વ) બાર
Like, *adj.* (લાઇક) માફક
Could run, (કુડ રન) દોડી શકે
Stool, *n.* (સ્ટુલ) ઇસ્તાન
Fruits, *n.* (ફ્રુટ્સ) ફળ
Bee, *n.* (બી) મધમાખી
Books, *n.* (બુક્સ) ચોપડીઓ
Spider, *n.* (સ્પાઇડર) કરોળીઓ
Pins, *n.* (પિન્ઝ) ટાંકણીઓ
Ending, *pr. p.* (એન્ડિંગ) છેડે
આવતાં
Teen, *n.* (ટીન) અંગ્રેજીમાં તેરથી
ઓગણીસ સુધી સંખ્યાને છેડે આવતો પ્રત્યય
Thirteen, *adj.* (થરટીન) તેર

Fourteen, *adj.* (ફોરટીન) ચૌદ
Fifteen, *adj.* (ફિફ્ટીન) પંદર
Sixteen, *adj.* (સિક્સ્ટીન) સોળ
Seventeen, *adj.* (સેવનટીન) સત્તર.
Eighteen, *adj.* (એઇટીન) અઢાર
Nineteen, *adj.* (નાઇનટીન) ઓગણીસ
Then, *adj.* (ધેન) ત્યારપછી
Comes, *v. i.* (કમ્ઝ) આવેછે.
Twenty, *adj.* (ટવેન્ટિ) વીસ

મને તમને થોડીક સંખ્યા શીખવવા દો. તમને કેટલા હાથ છે? બે. દરેક હાથ ઉપર કેટલાં આંગળાં છે? પાંચ. જો તમને એક વધારે હતે, તો તમને છ હતે. પાંચને એક છ. જો તમને બે વધારે હતે, તો તમને સાત હતે, પાંચ અને બે સાત. તમને કેટલા પગ છે? દરેક પગે કેટલાં આંગળાં છે? પાંચ. જો તમને ત્રણ વધારે હતે. તો તમને આઠ હતે. પાંચ અને ત્રણ આઠ. જો તમને ચાર વધારે હતે, તો તમને નવ હતે. પાંચને ચાર નવ. તમને બે હાથ છે, અને દરેક હાથે પાંચ આંગળાં છે, તે દસ થાયછે. જો તમને એક વધારે હતે, તો તમને અગીયાર હતે. જો તમને એક વધારે હતે તો તમને બાર હતે. તમને બે પગ છે. જો તમને ઘોડાની માફક ચાર પગ હતે, તો તમે ઘણા ઝડપથી દોડી શકતે. જો મારાથી બને તો હું ઘણો ઝડપથી દોડું. મને એકથી બાર સુધી સંખ્યા કહો. આ ઇસટાનને ત્રણ પૈંયા છે. અહિયાં ચાર ફુલ છે. એક હાથને પાંચ આંગળાં હોય છે. મધમાખને છ પગ હોય છે. હું સાત ચોપડીઓ જોઉં છું, કરોળીયાને આઠ પગ હોય છે. અહિયાં રમવાને માટે નવ ટાંકણી છે. બે હાથને દસ આંગળાં હોય છે. ટીનથી આખર થતા કેટલા આંકડા છે? સાત છે. તેઓ—૧૩ તેર, ૧૪ ચૌદ, ૧૫ પંદર, ૧૬ સોલ, ૧૭ સત્તર, ૧૮ અઢાર, ૧૯ ઓગણીસ, છે, પછી ૨૦ વીસ આવે છે. કરોળીયાને આઠ પગ હોય છે. મધમાખને ૬ પગ હોયછે.

11. THE COCK. ૧૧. મરઘો.

Cock, *n.* (કૉક) મરઘો
Fine, *adj.* (ફાઇન) સુંદર
Straight, *ad.* (સ્ટ્રેટ) સીધો
Stands, *v. i.* (સ્ટૅન્ડઝ) ઉભા રહેછે
Tail, *n.* (ટેલ) પુછડી
Feathers, *n.* (ફેધરસ) પીછાં
Black, *adj.* (બ્લૅક) કાળા.
Comb, *n.* (કોમ) માજર
Gets up, *v. i.* (ગેટ્સ અપ) ઉઠેછે.
Early, *ad.* (અરલિ) સકારે.
Wakes up, *v. i.* (ઉવેકસ અપ) [ઉઠેછે
Just, *ad.* (જસ્ટ) બરાબર
Before, *prep.* (બિફોર) આગમજ
Day Light, *n.* (ડે લાઇટ) દિવસની રોશની.

Begins, *v. t.* (બિગિનઝ) શરૂ કરેછે
To crow, *inf.* (ટુ ક્રો) કુકરે કુક કરવું.
Koo-koo-roo-koo, *n.* (કુ-કુ-રૂ-કુ) કુકરે કુક.
Morn, *n.* (મૉર્ન) સહવાર
Ki-ki-ri-kee, *n.* (કિ-કિ-રિ-કી) કુકરે કુક
New, *adj.* (ન્યુ) નવી
Light, *n.* (લાઇટ) રોશની
East, *n.* (ઇસ્ટ) પુર્વ
Is born, *v. t.* (ઇઝ બૉર્ન) જનમ પામી છે.
Singing, *ger* (સિનગિંગ) ગાવાનું
Fresh, *adj.* (ફ્રેશ) નવી
Is bringing, (ઇઝ બ્રિગિંગ) લાવેછે

મરઘો એક સુંદર પક્ષી છે. તે કેવો સીધો (ભરોડદાર) ઉભો રહેછે. તેની પુછડી જુઓ તેમાં કેવાં સુંદર લાંબા પીછાંછે, તેઓ સફેદ અને કાળાં, અને લાલ અને પીળાં છે, તેની માથા ઉપર એક સુંદર લાલ કલગીર છે. મરઘો સહવારે ઘણો સકારે ઉઠેછે, તે બરાબર દિવસની રોશનીની અગાઉ ઉઠે છે, અને કુકરે કુક કરવા માંડે છે, કુકરે કુક ! કુકરે કુક ! મરઘો સહવાર આગમજ વાસે છે, કિ-કિ-રિ-કી કિ-કિ-રિ-કી ! પુર્વ દિશામાં નવી રોશની જનમ પામી છે, કુકરે કુક ! કુકરે કુક ! પક્ષીઓ સકારે પોતાનું ગાવાનું શરૂ કરે છે, કિ-કિ-રિ-કી કિ-કિ-રિ-કી ! કિ-કિ-રિ-કી ! દિવસ નવી રોશની લાવેછે.

12. TIME, 1. ૧૨. વખત, ભાગ ૧ લો.

Time, *n.* (ટાઇમ) વખત
Know, *v. t.* (નો) જાણીએ છીએ
Hour, *n.* (અવર) કલાક
Looking, *ger.* (લુકિંગ) જોઇને
Clock, *n.* (કલૉક) મોટું ઘડીયાળ
Watch, *n.* (ઉવૉચ) નાનું ઘડીયાળ
Small, *adj.* (સ્મૉલ) નાનું
Shows, *v. t.* (શોઝ) દેખાડેછે
What o'clock, કેટલા વાગ્યા.
Night, *n.* (નાઇટ) રાત
Sixty, *adj.* (સિક્સટિ) સહાઠ
Minutes, *n.* (મિનિટઝ) મિનિટ
Seconds, *n.* (સેકન્ડઝ) સેકંડ
Hands, *n.* (હૅન્ડઝ) કાંટા
Round, *ad.* (રાઉંડ) ગોળ
Goes, *v. i.* (ગોઝ) ચાલેછે
While, *ad.* (ઉવ્હાઇલ) જ્યારે
XII (ટવેલ્વ) બાર
I (વન) એક
III (થ્રિ) ત્રણ
End, *n.* (ઍન્ડ) સેવટે

આપણે એક મોટાં અથવા નાના ઘડીયાળમાં જોઇને દિવસનો વખત જાણયે છીયે. ઉવૉચ નાનું ઘડીયાળ છે. કોઇની વખત કેટલા વાગ્યા છે તે નાનુ ઘડીયાળ

દેખાડેછે. દિવસના બાર કલાક હોય છે, અને રાતના બાર કલાક હોયછે. એક કલાકની સાહાઠ મિનિટ હોય છે, અને એક મિનિટની સાહાઠ સેકન્ડ હોય છે નાના ઘડીયાળને ત્રણ કાંટા હોય છે, કલાકનો કાંટો અથવા નાનો કાંટો, મિનિટનો કાંટો અથવા મોટો કાંટો, અને સેકંદનો કાંટો. તેઓ ગોળ અને ગોળ ફરેછે મિનિટનો કાંટો કલાકના કાંટા કરતાં બાર ગણો ઝડપથી ફરેછે. સેકંદનો કાંટો, મિનિટના કાંટા કરતાં સાહાઠ ગણો ઝડપથી ફરેછે, જ્યારે કલાકનો કાંટો બાર ઉપરથી એક ઉપર જાયછે, ત્યારે મિનિટનો કાંટો આખો ગોળ ફરી વળેછે, આ નાના ઘડીયાળમાં ત્રણ વાગ્યાછે, કલાકનો કાંટો ત્રણ ઉપર છે, અને મિનિટનો કાંટો બાર ઉપર છે, દરેક કલાકને છેડે મિનિટનો કાંટો બાર ઉપર હોય છે.

MONTHS OF THE YEAR. વરસના મહિના.

Months, *n.* (મનથ્ઝ) મહિના	June, *n.* (જ્યુન) જુન
Year, *n.* (યિયર) વરસ	July, *n.* (જુલાઇ) જુલાઇ
January, *n.* (જૅન્યુઆરી) જાનેવારી	August, *n.* (ઓગસ્ટ) આગસ્ટ
February, *n.* (ફેબ્રુઆરી) ફેબરવારી	September, *n.* સપટેમ્બર
March, *n.* (માર્ચ) માર્ચ	October, *n.* (ઓકટોબર) અકટોબર
April, *n.* (એપ્રિલ) એપ્રિલ	November, *n.* (નવેમ્બર) નવમ્બર
May, *n.* (મે) મે	December, *n.*(ડીસેમ્બર) ડીસેમ્બર

વરસના ૧૨ મહિના હોય છે. તેઓ—૧ જાનેવારી, ૨ ફેબરવારી, ૩ માર્ચ, ૪ એપ્રિલ, ૫ મે, ૬ જુન, ૭ જુલાઇ, ૮ આગસ્ટ, ૯ સપટેમ્બર, ૧૦ અકટોબર ૧૧ નવેમ્બર, ૧૨ ડીસેમ્બર છે.

13. TIME, 2. ૧૩, વખત, ભાગ બીજો.

Am going, *v. i.* (ઍમ ગોઇંગ) જાઉંછું	Every, *adj.* (એવરિ) દરેક
To day, *n.* (ટુ ડે) આજે	Is doing, *v. t.* (ઇઝ ડુઇંગ) કરેછે
Went, *v. i.* (ઉવેન્ટ) ગયો	Now, *ad.* (નાઉ) હમણા
Yesterday, *n.* (યેસ્ટરડે) ગઇ કાલે	Did, *v. t.* (ડિડ) કીધું
Shall go, *v. i.* (શૅલ ગો) જઇશ	Will do, *v. t.* (ઉાવલ ડુ) કરશે
To-morrow, *n.* (ટુ-મૉરો) આવતી કાલે	Does, *v. t.* (ડઝ) કરેછે
	She, *pron.* (શિ) તેણી
	Is coming, *v. i.* (ઇઝ કમિંગ) આવેછે

Here, *ad.* (હિયર) અહિંયા
Came, *v. i.* (કેમ) આવ્યો
Last, *adj.* (લાસ્ટ) છેલ્લે
Will come, *v. i.* (ઉવિલ કમ) આવશે.
Next, *adj.* (નેક્સ્ટ) આવતા
Now and then, *ad.* (નાઉઍન્ડ ધેન) કોઇ કોઇ વાર
Did wake, *v. i.* (ડિડ ઉવેક) જાગ્યા
Got up, *v. i.* (ગૉટ અપ) ઉઠયો
Did get up, *v. i.* (ડિડ ગેટ અપ) ઉઠયો
Till, *prep.* (ટિલ) સુધી
Must be, *v. i.* (મસ્ટ બિ) હોવા જોઇએ.

Very, *ad.* (વેરિ) ઘણા
Lazy, *adj.* (લેઝી) આળસુ
Boy, *n* (બૉય) છોકરો
Should, *v. i.* (શુડ) જોઇએ
Day light, *n.*(ડે લાઇટ) દિવસની રોશની
Right, *adj.* (રાઇટ) બરાબર
Father, *n.* (ફાધર) બાવા
Says, *v. t.* (સેઝ) કહેછે
Big, *adj.* (બિગ) મોટો
Tick, *n.* (ટિક) ટિક ટિક
Quick, *ad.* (કવિક) ઝડપથી
Is passing, *v. i.* (ઇઝ પાસિંગ) પસાર થાયછે

હું આજે ત્યાં જાઉં છું, હું ગઇ કાલે ત્યાં ગયો, હું આવતી કાલે ત્યાં જઇશ, હું ત્યાં દર અઠવાડિયે જાઉં છું તે તે હમણા કરેછે, તેણે તે ગઇ કાલે કીધું, તે તે આવતે વરશે કરસે, તે તે દરરોજ કરેછે, તેણી અહિંયા આ અઠવાડિયે આવનાર છે, તેણી અહિયાં ગયે અઠવાડિયે આવી, તેણી અહિંયાં આવતે વરસે આવશે, તેણી અહિયાં કોઇ કોઇ વખતે આવે છે.

આજે સહવારે તમે કેટલે વાગે ઉઠયા ? હું નવ વાગે ઉઠયો. શું ! તમે નવ વાગા સુધી ઉઠયા નહિ ! તમે ઘણા આળસુ છોકરા હોવા જોઇએ. તમને દિવસની રોશનીએ ઉઠવું જોઇએ, આવતી કાલે હું છ વાગે ઉઠીશ. તે બરાબર છે. તમારી પાસે નાનું ઘડિયાળ છે ? નહિ, પણ હમારા ઘરમાં એક મોટું ઘડિયાળ છે. મારો બાપ કહે છે કે જયારે હું મોટો છોકરો થઇશ ત્યારે તે મારે માટે એક નાનું ઘડિયાળ ખરીદશે. ઘડિયાળ બોલેછે, ટિક, ટિક, ટિક, ટિક ! જે તમને કરવાનું હોય તે ઝડપથી કરો: વખત ઝડપથી પસાર થઇ જાયછે. જે તમને કરવું જોઇએ તે આજે કરો.

14. THE MOTHER AND HER SON.
૧૪. માય અને તેણીનો દિકરો.

Mother, *n.* (મધર) માય
Her, *pron.* (હર) તેણીનો
Son, *n.* (સન) દીકરો
Can walk, *v. i.* (કૅન ઉવૉક) ચાલી શકે
Far, *ad.* (ફાર) દૂર
Too, *ad.* (ટૂ) ઘણુંજ
Small, *adj.* (સ્મૉલ) નાનો
Is carrying, *v. i.* (ઇઝ કૅરિંગ) લઇ જાયછે
Tight, *ad.* (ટાઇટ) મજબુત
Is holding, *v. t.* (ઇઝ હોલડિંગ) પકડેછે
Left, *adj.* (લેફ્ટ) ડાબો
Right, *adj.* (રાઇટ) જમણો
Round, *prep.* (રાઉન્ડ) આસપાસ
Back, *n.* (બૅક) પીઠ
Loves, *v. t.* (લવ્ઝ) ચાહેછે
Has put, *v. t.* (હૅઝ પુટ) પહેરીછે
Cap, *n.* (કૅપ) ટોપી
Feet, *n.* (ફીટ) પગો
Head, *n.* (હેડ) માથું
Side, *n.* (સાઇડ) બાજુ
Bazar, *n.* (બઝાર) બજાર
Rice, *n.* (રાઇસ) ચોખા
Is taking, *v. t.*(ઇઝ ટેકિંગ)લઇજાય
Basket, *n.* (બાસ્કેટ) ટોપલી
To hold, *inf.* (ટુ હોલ્ડ) ભરવાને
Baby brother, (બેબી બ્રધર) નાનો ભાઇ
Left, *v. t.* (લેફ્ટ) રહેવા દીધો
Care, *n.* (કેર) સંભાળ
While, *ad.* (ઉવ્હાઇલ) જ્યારે
Toy, *n.* (ટૉય) રમકડું
Loves, *v. t.* (લવ્ઝ) ચાહેછે

આ નાનો છોકરો ઘણે દુર ચાલી શકતો નથી. ને ઘણોજ નાનો છે. તેથી તેની માય તેને લઇ ચાલે છે. પોતાના ડાબા હાથે તે તેણીને કેવી મજબુત પકડે છે ! તમે તેનો જમણો હાથ જોઇ શકતા નથી. તે તેની માયની પીઠની આસપાસ છે તેની માય પોતાના નાના દીકરાને ચાહેછે તેણીએ તેના હાથે બાંગડી, અને તેનાં પગે કલ્લાં પહેરાવ્યાં છે, અને તેના માથા ઉપર એક નાની ટોપી પહેરાવી છે, તેણી કયાં જાય છે, અને તેણી પોતાની જમણી કેડે શું લઇ જાય છે? તેણી થોડા ચોખા ખરીદવાને બજારમાં જાય છે, તેણી ચોખા ભરવાને એક ટોપલી લઈ જાય છે. ઘરમાં આ નાના છોકરાનો એક બાળક ભાઇ છે, તે ઘણો નાનો છે તેથી તેની માય તેને ઘરે મુકી આવી. જ્યારે તેની માય બજારે જાય છે ત્યારે તેનો બાપ તેની સંભાળ લેછે, તેણી તેને માટે રમવાને એક રમકડું મુકી આવીછે, તે નાનો છોકરો પોતાની માયને ચાહેછે.

15. THE KING. ૧૫ રાજા.

King, *n.* (કિંગ) રાજા.
George, *n.* (જૉર્જ) જૉર્જ.
Fifth, *adj.* (ફિફ્થ) પાંચમો.
England, *n* (ઈંગ્લંડ) ઈંગલાંડ દેશ.
Emperor, *n.* (એમપરર) શહેનશાહ
Reigns, *v. i.* (રેન્ઝ) રાજ્ય કરે છે
Over, *prep.* (ઓવર) ઉપર.
Many, *adj.* (મૅનિ) ઘણા.
Lands, *n.* (લૅન્ડઝ) મુલકો.
Lives, *v. i.* (લિવ્ઝ) રહેછે.
Once, *ad.* (વન્સ) એક વાર.
Came, *v. i.* (કેમ) આવ્યો.
India, *n.* (ઇંડિયા) હિંદુસ્તાન.
Let, *v. t.* (લેટ) દેઓ.
To pray, *inf.* (ટુ પ્રે) પ્રાર્થના કરવી.
God, *n* (ગૉડ) ઇશ્વર, ખોદા.
To take, *n.* (ટેક) લેવાને.
Care, *n.* (કેર) સંભાળ.
Save, *n.* (સેવ) બચાવો.

આ ઈંગ્લાંડનો રાજા અને હિંદુસ્તાનનો શહેનશાહ જાર્જ પાંચમો છે. તે ઘણા મુલકો ઉપર રાજ્ય કરે છે. તે ઈંગ્લાંડમાં રહે છે. એકવાર તે હિંદુસ્તાન આવ્યો હતો. તેની સંભાળ લેવાને ચાલો આપણે ખોદાની બંદગી કરયે. ખોદા રાજાને બચાવો.

16. A WALK. ૧૬ ફરવું.

Walk, *n.* (વૉક) ફરવું.
Put on, (પુટ ઑન) પહેરો.
Said, *v. t.* (સેડ) કહયું.
House, *n.* (હાઉસ) ઘર.
To call, *inf.* (ટુ કૉલ) બોલાવવું
Yet, *ad.* (યેટ) હજી.
Yes, *ad.* (યેસ) હા.
Thick, *adj.* (થિક) જાડી.
Stick, *n.* (સ્ટિક) લાકડી.
Your, *pron.* (યૉર) તમારા.
Why, *ad.* (વ્હાય) શામાટે.
Saw, *v. t.* (સૉ) જોયો.
Snake, *n.* (સ્નેક) સાંપ.
Close to, *prep.* (ક્લોસ) પાસે.
Night, *n.* (નાઇટ) રાત.
May, be, *v. i.* (મે બી) હશે.
Will be left. *v. t.* (ઉવિલ બી લેફ્ટ) રહી જશે.
Behind, *ad.* (બિહાઇન્ડ) પાછળ
Fine, *adj.* (ફાઇન) સુંદર.
Large, *adj.* (લાર્જ) મોટું.
Trees, *n.* (ટ્રીઝ) ઝાડો.
Are growing, *v. i.* (આરગ્રોઇંગ) ઉગી છે.
Most, *adj.* (મોસ્ટ) ઘણા ખરા.
Them, *pron.* (ધેમ) તેમને.

Any, *adj.* (ઍનિ) કાંઇ.
Fruit, *n.* (ફ્રૂટ) ફળ.
Bird, *n.* (બર્ડ) પક્ષી.
Owl, *n.* (આઉલ) ઘુવડ.
Like, *v. t.* (લાઇક) ચાહવું.
Light (લાઇટ) રોશની.
Day time, *n.* (ડે–ટાઇમ) દિવસનો [વખત.
Well, *ad.* (ઉવેલ) સારી રીતે.
Half, *ad.* (હાફ) અરધી.
Shut, *v. t.* (શટ) બંધ કરેછે.
Their, *pron.* (ધેર) તેઓના.
Eyes *n.* (આઇઝ) આંખો.
Open, *v. t.* (ઓપન) ઉઘાડે છે.
Has gone, *v. i.* (હૅઝ ગૉન) ગયોછે.
Alone, *adj.* (અલોન) એકલો.
Back, *ad.* (બૅક) પાછા.
About, *ad.* (અબાઉટ) આમ તેમ.

બહાર આવો અને મારી સાથે ફરો. ટોપી પહેરો મારા ભાઇએ કહ્યું, કે તે હમારી સાથે આવશે. ચાલો આપણે તેને ઘેર જઇએ અને તેને બોલાવ્યે. તે હજી ઉઠયો કે ! અરે હા, સાત વાગ્યા છે. આ વખત સુધીમાં તે ઉઠશે. તે છ વાગે ઉઠેછે. તમારા હાથમાં એક જાડી લાકડી લેઓ. મારે શામાટે લાકડી લેવી જોઇએ ? મેં ગઇ રાતે તેના ઘરની નજદીક એક શાંપ જોયો. તે હમણા ત્યાં હશે. તમે કેટલા ઝડપથી ચાલોછો ? હું એટલો ઝડપથી ચાલી શકતો નથી, જો તમે મારા જેટલી ઝડપથી નહિ ચાલશો, તો તમે પછવાડે રહી જશો. આ એક સુંદર મોટું ઘર છે, અહિંયા કેટલાં બધાં ઝાડો ઉગેછે ! તેઓમાંના ઘણાંખરાં કેરીનાં ઝાડ છે. તેઓ ઉપર તમે કાંઈ પણ ફળ જુઓછો ? નહિ. આ કેરીનો વખત નથી. ઝાડ ઉપર જે પક્ષી હું જોઉં છું તે કયું છે ? તે ઘુવડ છે. ઘુવડને રોશની ગમતી નથી. દિવસની વખતે તેઓ બરાબર જોઇ શકતા નથી, અને પોતાની આંખ અરધી બંધ કરેછે. પણ રાતે તેઓ જોઇ શકેછે. અને પોતાની આંખ ઉઘાડી શકેછે. મારો ભાઇ ઘરમાં નથી. તે એકલો બહાર ફરવા ગયો છે. હવે ચાલો આપણે પાછા જઇએ. ઘર જવાનો વખત થયોછે. ઘુવડો રાતે આમતેમ ઉડેછે.

17. THE MILL. ૧૭ ઘટી.

Mill, *n.* (મિલ) ઘટી
Picture, *n.* (પિકચર) ચિત્ર
Women, *n.* (ઉવિમિન) બાયડીઓ
Sitting, *pr. p.* (સિટિંગ) બેઠેલા
Ground, *n.* (ગ્રાઉંડ) જમીન.
Mat, *n.* (મૅટ) ચટાઇ; સાદડી
Are doing, *v. t.* (આર ડુઈંગ) કરેછે
Will tell, *v. t.* (ઉવિલ ટેલ) કહેશો.

Please, *v.t.* (પ્લીઝ) મેહેરબાની કરીને
Are grinding, *v. t.* (આર ગ્રાઇન્ડિંગ) દળે છે
Rice, *n.* (રાઇસ) ચોખા
Is made, *v. t.* (ઇઝ મેડ) બનાવેલી છે
Stones, *n* (સ્ટોન્સ) પથ્થર
Round, *adj.* (રાઉન્ડ) ગોળ
Heavy, *adj.* (હેવિ) ભારે
Lower, *adj.* (લોઅર) નિચેનો
Stone, *n.* (સ્ટોન) પથ્થર
Does move, *v. i.* (ડઝ મુવ) હાલે છે
Upper, *adj.* (અપર) ઉપલો
Handle. *n.* (હૅન્ડલ) હાથો.
Wood, *n.* (વુડ) લાકડું [પકડે છે.
Are holding, *v. t.* (આર હોલ્ડિંગ)
Are moving, *v. t.* (આર મુવિંગ) હલાવે છે.
Hole, *n.* (હોલ) કાણું
Fills, *v. t.* (ફિલ્સ) ભરે છે
Falls, *v. i.* (ફૉલ્સ) પડે છે
Through, *ad.* (થ્રુ) અંદર
Gets, *v. i.* (ગેટ્ઝ) જાય છે
Between, *prep.* (બિટવીન) વચ્ચે
Soon, *ad.* (સુન) જલદી
Powder, *n.* (પાઉડર) આટો; ભુકો
Is putting. *v.t.* (ઇઝ પુટિંગ) મૂકે છે
Flat, *adj.* (ફ્લૅટ) છાછરી
Baskets, *n.* (બાસ્કેટ્ઝ) ટોપલીઓ
Full, *adj.* (ફુલ) ભરેલી
All, *adj.* (ઑલ) સઘળો
Will be ground, *v. t.* (વિલ બિ ગ્રાઉન્ડ) દળવામાં આવશે
Flour, *n.* (ફ્લૉવર) આટો
Cakes, *n.* (કેક્ઝ) પુરીઓ.
Often, *ad.* (ઑફ્ન) વારંવાર.
To eat, *inf.* (ટુ ઇટ) ખાવાને.
Cold, *adj.* (કોલ્ડ) ઠંડી.
Quite, *ad.* (ક્વાઇટ) તદન

આ ચિત્રમાં તમે શું જુઓ છો ? હું એક માણુસ અને બે બાયડીઓને જમીન ઉપર સાદડી ઉપર બેઠેલાં જોઉં છું. તેઓ શું કરે છે તે તમે જાણો છો ? નહિ, હું જાણતો નથી. મને તમે મેહેરબાની કરીને કહેશો ? તેઓ એક ઘંટીમાં ચોખા દળે છે, ઘંટી શું છે, અને તે શાની બનાવેલી છે ? ઘંટી બે પથ્થરની બનાવેલી હોય છે. તેઓ મોટા, અને ગોળ, અને ઘણા ભારે હોય છે. નીચલો પથ્થર હાલતો નથી. ઉપલા પથ્થરને એક હાથો હોય છે તે ગોળ અને ગોળ ફરી શકે છે, તે હાથો લાકડાંનો બનાવેલો છે. તે માણુસ અને તે બે બાયડીઓ હાથો પકડે છે, અને ઉપલો પથ્થર ગોળ અને ગોળ ફેરવે છે. હાથાની પાસે ઉપલા પથ્થરમાં એક બાકું હોય છે. આ બાકું શાને માટે છે ? તે બાયડીઓમાંની એક તે ચોખાથી ભરે છે. ચોખા અંદર પડે છે, અને તે બે પથ્થરોની વચ્ચે જાય છે. તેનો જલદીથી દળાઇને ભુકો

થાય છે. તે બાયડીઓમાંની એક તે ચોખામાં પોતાનો જમણો હાથ મૂકેછે. તમે તેણીને જોઈ શકોછો ? હા, હું જમીન ઉપર ત્રણ છાછરી ટોપલીઓ જોઉં છું તે ચોખાથી ભરેલી છે શું આ સઘળા ચોખાનો દળીને ભુકો કરવામાં આવશે ? હા, તે ટોપલીઓમાંના બધા ચોખાનો દળીને ભુકો કરવામાં આવશે. આ ભુકાને આપણે આટો કહીયે છીયે. નીચલા ઘંટીના પથ્થરની પાસે સાદડી ઉપર તમે સફેદ આટો જોઇ શકશો. આ આટામાંથી ચોખાની પુરીઓ બનાવવામાં આવે છે. તમને ચોખાની પુરીઓ ગમે છે ? મને ગમે છે. તે ઘણી સુંદર છે. હમને વારવાર તે ઘરમાં ખાવાને મળે છે. પણ જ્યારે તેઓ ઠંડી પડે છે, ત્યારે તેઓ સુંદર હોતી નથી. જ્યારે તેઓ તદન ગરમ હોય છે, ત્યારે મને તે ખાવા ગમે છે. ગરમ ચોખાની પુરીઓ ઘણી સુંદર હોય છે, મને ઠંડી ચોખાની પુરીઓ ગમતી નથી.

ONE AND MORE THAN ONE એક અને એક કરતાં વધારે.

More, *adj.* (મોર) વધારે
Than, *conj.* (ધૅન) કરતાં
Babies, *n.* (બેબિઝ) બાળકો
Many, *adj.* (મૅનિ) ઘણા
Watches, *n.* (ઉવૉચિઝ) નાના ઘડીયાળો
Knives, *n.* (નાઇવ્ઝ) છરીઓ
Boxes, *n.* (બૉકસીસ) દાબડા
Leaf, *n.* (લીફ) પાંદડું
Foot, *n.* (ફુટ) પગ
Feet, *n.* (ફીટ) પગો
Wife, *n.* (ઉવાઇફ) બાયડી.
Wives, *n.* (ઉવાઇવ્ઝ) બાયડીઓ

આપણે કહીએ છીયે એક બાળક, બે બાળકો, ઘણા બાળકો. એક પુરૂષ, ઘણા પુરૂષો, એક કેરી, ઘણી કેરીઓ. એક નાનું ઘડિયાળ, ઘણા નાના ઘડીયાળો. એક છરી, ઘણી છરીઓ. એક દાબડો, ઘણા દાબડા. એક પાંદડું, ઘણાં પાંદડાં. એક પગ, ઘણા પગ. એક બાયડી, ઘણી બાયડીઓ.

18. INDIAN CORN. ૧૮. મકાઇ.

Indian corn, *n.* (ઇંડિયન કૉર્ન) મકાઇ.
Grows, *v. i.* (ગ્રોઝ) ઉગે છે.
America, *n.* (અમેરિકા) અમેરિકા ખંડ.
Too, *ad.* (ટુ) વળી
Sometimes, *ad.* (સમટાઇમ્સ) કોઈ કોઈ વખતે.
Is called, *v. t.* (ઇઝ કોલ્ડ) કહેછે
Maize, *n.* (મેઝ) મકાઇ.
Cobs, *n.* (કૉબ્ઝ) ડુંડા.
Corn, *n.* (કૉર્ન) અનાજ.

These, *pron.* (ધીઝ) આ.
Each, *adj.* (ઇચ) દરેક.
Is covered, *v. t.* (ઇઝ કવર્ડ) ભરેલો છે.
Grains, *n.* (ગ્રેન્ઝ) દાણા.
Seeds, *n.* (સીડ્ઝ) બીયાં.
Fields, *n.* (ફીલ્ડ્ઝ) ખેતરો.
Green, *adj.* (ગ્રીન) લીલા.
Ripe, *adj.* (રાઇપ) પાકાં.
Yellow, *adj.* (યેલો) પીળા.
Is roasted, *v. t.* (ઇઝ રોસ્ટેડ) ભુજવામાં આવે છે.
Is boiled, *v. t.* (ઇઝ બૉઇલ્ડ) ઉકાળવામાં આવે છે.
Soft, *adj.* (સૉફ્ટ) નરમ.
Rub, *v. t.* (રબ) મસળો.
Hard, *ad.* (હાર્ડ) જોશમાં.
Your, *pron.* (યૉર) તમારા.
Will come off, *v. i.* (ઉવિલ કમ ઑફ) નીકળી પડશે.

મકાઇ હિંદુસ્તાનમાં ઊગેછે. તે અમેરીકામાં પણ ઊગેછે. તેને કોઇ કોઇ વાર 'મેઝ' કહે છે. અનાજના આ કેવા સુંદર મોટાં ડુંડાં છે. દરેક ડુંડું અનાજના દાણાથી ભરેલું હોય છે. તેઓ બીયાં છે અનાજ ખેતરમાં ઉગે છે. જ્યારે ડુંડાં લીલાં હોય છે, ત્યારે દાણા લીલા હોય છે. જ્યારે તેઓ પાકેછે, ત્યારે દાણા પીળા અને લાલ થાય છે. ડુંડાંને ભુજવામાં અથવા ઉકાલવામાં આવે છે. તે વખતે દાણા નરમ થાય છે. અને ખાવામાં સારા હોય છે. તે દાણાને કોઇ કોઇ વાર ચોખાની માફક દળીને આટો કરવામાં આવેછે, અને પુરીઓ બનાવવામાં આવેછે. જો તમે ડુંડું તમારા હાથે સખત મસળો, તો બીયાં નીકળી પડે છે.

19. THE HUNGRY BOY. ભુખ્યો છોકરો.

Hungry, *adj.* (હંગ્રિ) ભુખ્યો.
Sister, *n.* (સિસ્ટર) બેહેન.
Want, *v. t.* (ઉવૉન્ટ) જોઇએછે.
Something, *n.* (સમથિંગ) કંઇ ચીજ.
Hot, *adj.* (હૉટ) ગરમ.
Ready, *adj.* (રેડિ) તૈયાર.
Cold, *adj.* (કોલ્ડ) ટંડા.
Pot, *n.* (પૉટ) વાસણ.
May have, *v.t.* (મે હૅવ) લેઓ.
Boil, *v. t.* (બૉઇલ) ઉકાળો.
Some, *adj.* (સમ) થોડાક [જેવો.
As soon as, *ad.* (ઍઝ સુન ઍઝ)
How long, કેટલો વખત.
Water, *n.* (ઉવૉટર) પાણી.
House, *n.* (હાઉસ) ઘર.
Well, *n.* (ઉવેલ) કુવો.
Back, *ad.* (બૅક) પાછો.

Will begin, *v. t.* (વિલ-બિગિન) શરૂ કરીશ.
Can wait, *v. i.* (કૅન વેટ) [થોભી શકો.
Till, *conj.* (ટિલ) જ્યાંસુધી.
Bazar, *n.* (બઝાર) બજાર.
Went, *v. i.* (વેન્ટ) ગઇ.
Nothing, *n.* (નથિંગ) કાંઇ નહિ.
Thirty, *adj.* (થરટિ) તીસ.
Days, *n.* (ડેઝ) દિવસો. [અઠાવીસ
Twenty eight, *adj.* (ટવેન્ટિ એઇટ)
Alone, *adj.* (અલોન) એકલા.
All, *adj.* (ઑલ) બધા.
Other, *adj.* (અધર) બીજા.
Thirty one, *adj.* (થરટિ-વન) એકતીસ.
But, *conj.* (બટ) પણ.
Leap year, *n.* (લિપ ઇયર) ૩૬૬ દહાડાનું વરસ.
Coming, *pr. p.* (કમિંગ) આવતું.
Once, *ad.* (વન્સ) એકવાર.
Gives, *v. t.* (ગિવ્ઝ) આપેછે.
More, *adj.* (મોર) વધારે.

બેહેન ! મને કંઇ ખાવાનું જોઇએ છે. મને થોડા ગરમ ચાવળ લેવા દો. ગરમ ચાવળ તૈયાર નથી. વાસણમાં થોડાક ઠંડા ચાવળ છે. જો તમને તે ગમે તો ખાવા લેવો. નહિ, મને ઠંડા ચાવળ ગમતા નથી. તે સારા નથી. તમારાથી જેમ બને તેમ ઝડપથી થોડાક ચોખા બાફો. તમને કેટલો વાર લાગશે ? હું કહી શકતો નથી. ઘરમાં પાણી નથી. થોડુંક(પાણી)લાવવાને મારે કુવા આગળ જવું જોઇયે. જેવો હું પાછો આવીશ તેવો હું ચોખા બાફવા માંડીશ. જ્યાં સુધી તે તૈયાર થાય, ત્યાં સુધી તમે થોભી શકશો ? નહિ, મને કાંઇ જલદી ખાવાનું જોઇએ છે. તમે મારે માટે થોડાક ચોખાની પુરીઓ બનાવી શકશો ? હું પુરીઓ બનાવી શકીશ, પણ આટો તૈયાર નથી. માય જ્યારે બજારમાંથી પાછી આવશે, ત્યારે તેણી થોડો દળશે. તેણી થોડાક ચોખા ખરીદવાને ત્યાં ગઇ, અને તેણી જલદીથી પાછી આવશે. મારે માટે ખાવાનું કાંઇ નથી ? મને હમણા કાંઇ જોઇએ છે. માય પાછી આવે ત્યાં સુધી હું થોભી શકતો નથી. ઠીક, એક મકાઇ ચુંડો છે. હું તે ઘણો જલદીથી ભુંજી શકીશ. તમે તે ખાશો ? હા, તમારાથી જેમ બને તેમ જલદીથી તે ભુંજો.

સપ્ટેમ્બર, એપ્રીલ, જુન, અને નવેમ્બરના ત્રીસ દહાડા હોય છે. ફેબરવારી એકલાનાજ અઠાવીસ દહાડા હોય છે. બીજા બધા મહિનાના એકત્રીસ દહાડા હોય છે. પણ ચાર વરસે એક વખત આવતું 'લીપ ઇયર' ફેબરવારીના એક દિવસ વધુ આપે છે.

20. THE STARS. તારાઓ.

Stars, *n.* (સ્ટાર્સ) તારાઓ
Bright, *adj.* (બ્રાઇટ) પ્રકશતા
Shine, *v. i.* (શાઇન) પ્રકાશે છે.
Night, *n.* (નાઇટ) રાત્ર
Sun, *n.* (સન) સુરજ [પામ્યો છે.
Has set, *v. i.* (હૅઝ સેટ) અસ્ત
Count, *v. t.* (કાઉન્ટ) ગણવું
Seem, *v. i.* (સીમ) જણાય છે
To open, *inf.* (ટુ ઓપન) ઉઘડવું
To shut, *inf.* (ટુ શટ) બંધ થવું
Twinkle, *v. i.* (ટ્વિનકલ) ચમક ચમક થાય છે.
Diamonds, *n* (ડાયમંડઝ) હીરાઓ
Sky, *n.* (સ્કાઈ) આકાશ
Because, *conj.* (બિકૉઝ) કારણ કે
Bright, *adj.* (બ્રાઇટ) રોશની.
Light, *n.* (લાઇટ) રોશની
Little, *adj.* (લિટલ) નાના
Wonder, *v. i.* (વન્ડર) અજબ થાઉંછું.
Above, *prep.* (અબવ) ઉપર
World, *n* (વર્લ્ડ) દુનયા
High, *ad.* (હાઇ) ઉંચે
Blazing, *adj.* (બ્લેઝિંગ) તપતો
Grass, *n.* (ગ્રાસ) ઘાસ
Dew, *n.* (ડ્યુ) દવ
Wet, *adj.* (વેટ) ભીનું
Show, *v. t.* (શો) દેખાડો છો
Traveller, *n.* (ટ્રૅવલર) મુસાફર
Dark, *n.* (ડાર્ક) અંધારૂં
Thanks, *v. t.* (થૅંકસ) ઉપકારમાનેછે
Tiny, *adj,* (ટાઇની)નાના [ચમકારો.
Spark, *n.* (સ્પાર્ક) કિરણ ચીંગારી
Which, *adj.* (વિચ) કયો.
Way, *n.* (વે) રસ્તો
Blue, *adj.* (બ્લ્યુ) આસમાની
Keep, *v. i.* (કીપ) રહો છો
Often, *ad.* (ઑફ્ન) વારંવર
Window, *n.* (વિનડો) બારી
Peep, *v. i.* (પીપ) ચીમાઇનેજોવું
Never, *ad.* (નેવર) કદી નહિ
Eye, *n.* (આઈ) આંખ
Till, *conj.* (ટિલ) જ્યાં સુધી

જ્યારે સુરજ અસ્ત પામે છે ત્યારે ચળકતા તારાઓ રાત્રે પ્રકાશે છે. એટલા બધા તારાઓ હોય છે, કે આપણે તેઓને ગણી શકતા નથી. તેઓ ઉઘડતા અને બંધ થતાં જણાય છે, અને તેથી આપણે કહીએ છીએ કે તેઓ ચમક ચમક થાય છે. તેઓ આકાશમાં હીરા જેવા જણાય છે. દિવસની વખતે સુરજની પ્રકાશતી રોશનીને લીધે આપણે તેઓને જોઇ શકતા નથી. નાના તારા, ચમક, ચમક, હું કેવો અજબ થાઉં છું કે તમે શું છો ! દુન્યાની ઉપર એટલે ઉંચે આકાશમાંના હીરાની માફક. જ્યારે તપતો સુરજ અસ્ત પામે છે, જ્યારે ઘાસ ડવથી ભીંજાય છે,

ત્યારે તમે તમારી નાની રોશની દેખાડો છો, આખી રાત ચમક. ચમક, ત્યાર પછી અંધારામાં મુસાફર તમારા નાના ચમકારાને માટે તમારો ઉપકાર માને છે, જો તમે એ પ્રમાણે ચમકને નહિ, તો કયે રસ્તે જવું તે તે કહી શકને નહિ. અંધારાં આસમાની આકાશમાં તમે રહો છો, અને વારંવાર મારી બારીમાં ડોકીયાં કરીને જુઓ છો, કારણ કે જ્યાં સુધી સુરજ આકાશમાં આવે છે, ત્યાં સુધી તમે કદી તમારી આંખ બંધ કરતાં નથી.

21. SISTERS, બેહેનો.

Sisters, *n.* (સિસ્ટરઝ) બેહેનો.
Seeta, *n.* (સીતા) છોકરીનું નામ
Girl, *n.* (ગર્લ) છોકરી
Old, *adj.* (ઓલ્ડ) ઉમરની
Curly, *adj.* (કરલિ) ગુચ્છાવાળા, કરચળીવાળા
Hair, *n.* (હેર) વાળ
Idle, *adj.* (આઇડલ) આળસુ
Busy, *adj.* (બિઝિ) ઉદ્યોગી
To help, *inf.* (ટુહેલ્પ)મદદ કરવાને
Got up, *v. i.* (ગૉટ અપ) ઉઠી
Early, *ad.* (અરલિ) સકારે
Swept out, *v. t.* (સ્વેપ્ટ આઉટ) કચરો કાઢ્યો
Woke, *v. t.* (ઉવોક) જગાડી
Elder, *adj.* (એલડર) વડી
Wake up, *v. i.* (ઉવૅકઅપ) જાગો ઉઠો
Time, *n.* (ટાઇમ) વખત
Water, *n.* (ઉવૉટર) પાણી
Well, *n.* (ઉવેલ) કુવો
Both, *adj.* (બોથ) બેઉ [આવેછે
Are coming, *v. i.* (આર કમિંગ)
Is carrying, *v. t.* (ઇઝ કૅરિઇંગ) લઈ જાય છે
Full, *adj.* (ફુલ) ભરેલો
Head, *n* (હેડ) માથું
Arm, *n.* (આર્મ) હાથ
Round, *prep.* (રાઉન્ડ) આસપાસ
Took, *v. t.* (ટુક) લીધો
Basket, *n.* (બાસ્કેટ) ટોપલી
While, *ad.* (હ્વાઇલ) જ્યારે
Was drawing, *v. t.* (ઉવૉઝ ડ્રૉઇંગ) ખેંચતી હતી
Was picking up, *v. t.* (ઉવૉઝ પકિંગ અપ) વીણતી હતી
Sticks, *n.* (સ્ટિક્ઝ) લાકડાં
Fire, *n.* (ફાયર) બળતન
To clean, *inf.* (ટુક્લીન)સાફ કરવાને
Cooking-pots, *n.* (કુકિંગ-પૉટઝ) રાંધવાના વાસણ
Brothers, *n.* (બ્રધરઝ) ભાઇઓ
Calls for, *v. t.* (કૉલ્સ ફૉર)બોલાવેછે
Too, *ad.* (ટુ) પણ

Running, *pr.p.* (રનિંગ) દોડતી
Most, *ad.* (મોસ્ટ) ઘણીજ
Useful, *adj.* (યુસ્ફુલ) ઉપયોગી
Is tired, *v. t.* (ઇઝ ટાયર્ડ) કંટાળેછે
Helping, *ger.* (હેલ્પિંગ) મદદ કરતી
Book, *n.* (બુક) ચોપડી
Big, *adj.* (બિગ) મોટી
Bigger, *adj.* (બિગર) વધારે મોટી
Biggest, *adj.* (બિગેસ્ટ) સૌથી મોટી
Small, *adj.* (સ્મૉલ) નાનું
Smaller, *adj.* (સ્મૉલર)વધારે નાનું
Smallest, *adj.* (સ્મૉલેસ્ટ) સૌથી નાનું
Good, *adj.* (ગુડ) સારૂં
Better, *adj.* (બેટર) વધારે સારૂં
Best, *adj.* (બેસ્ટ) સૌથી સારૂં
Bad, *adj.* (બૅડ) ખરાબ
Worse, *adj* (ઉવર્સ)વધારે ખરાબ
Worst, *adj* (ઉવર્સ્ટ) સૌથી ખરાબ
Pretty, *adj.* (પ્રિટિ) સુંદર
Flower, *n.* (ફ્લાવર) ફુલ
Much, *ad.* (મચ) ઘણું
Prettier, *adj.*(પ્રિટિયર)વધારે સુંદર
Rose, *n.* (રોઝ) ગુલાબ
Prettiest, *adj.* (પ્રિટિયેસ્ટ) સૌથી સુંદર
Am told, *v. t.* (ઍમ ટોલ્ડ)કહેવામાં આવે છે.

સીતા કરચલીવાળા બાગ સાથની દસ વરસની ઉમરની એક નાની છોકરી છે. તેણી કદી આળસુ થતી નથી. તેણી ઉપેયોગી થવાને અને પોતાની માયને મદદ કરવાને ચાહે છે. આજે સવારે જેવું ઉજરડું થયું કે તેણી ઘણી સકારે ઉઠી. તેણીએ ઘરનો કચરો કાઢયો, અને ત્યાર પછી પોતાની વડી બેહેનને જગાડી. તેણીએ કહ્યું, બેહેન ઉઠો, ઉઠવાનો વખત થયો છે. ચાલો આપણે જઇએ અને કુવામાંથી પાણી લાવ્યે. ત્યાર પછી તેણીની બેહેન ઉઠી. અને તેઓ બેઉ કુવા આગળ ગયાં. હવે તેઓ પાછા આવે છે વડી બેહેન પાણી લઇ જાય છે. પાણીનું ભરેલું એક વાસણ તેણીના માથા ઉપર છે. તેણીનો હાથ બીજા વાસણની આસપાસ છે. સીતાએ પોતાની સાથે એક ટોપલી લીધી, અને જ્યારે તેણીની બેહેન પાણી ખેંચતી હતી, ત્યારે તેણી ઘરમાં બળતણને માટે પાંદડાં અને લાકડાં વીણતી હતી તેણીની ટોપલી પાંદડાંથી ભરેલી છે. જ્યારે તેઓ પાછાં જશે, ત્યારે સીતા પોતાની માયને રાંધવાના વાસણ સાફ કરવાને, અને પોતાના બાપ અને ભાઇઓને માટે ખાવાને વાસ્તે ચોખા બાફવાને મદદ કરશે. જો તેણીની માયને કાંઇ જોઇએ, તો તેણી સીતાને બોલાવે છે. જો તેણીના બાપને કાંઇ જોઇએ, તો તે પણ સીતાને બોલાવે છે. તેઓ તેણીની પાસે શું કરાવવા માગે છે, તે જોવાને તેણી દોડતી આવે છે.| તેણી ઘરમાં સૌથી ઉપયોગી છોકરી છે. તેણી બીજાઓને મદદ કરવામાં કદી કંટાળતી નથી.

૧. આ ચોપડી મોટી છે. ૨. પેલી ચોપડી આના કરતાં વધારે મોટી છે ૩. મારી ચોપડી ત્રણમાં સર્વથી મોટી છે. ૧. પેલું પક્ષી નાનું છે. ૨. આ પક્ષી વધારે નાનું છે. ૩. રાતું પક્ષી ત્રણમાં સર્વથી નાનું છે. ૧. આ સારૂં છે. પેલું વધારે સારૂં છે. આ સર્વથી સારૂં છે. તે ખરાબ માણસ છે, પણ આ માણસ વધારે ખરાબ છે, અને પેલો માણસ ત્રણમાં સર્વથી ખરાબ છે. આ સુંદર ફુલ છે. પેલું ફુલ આના કરતાં ઘણું વધારે સુંદર છે. ગુલાબ ફુલોમાં સર્વથી સુંદર છે. હું ઘણો મોટો નથી, હું ઘણો બુઢો નથી, પણ મને જે કહેવામાં આવશે તે હું કરીશ.

22. THE QUEEN. ૨૨. રાણી.

Queen, *n.* (ક્વીન) રાણી.
Mary, *n* (મેરી) મેરી રાણી
Empress, *n.* (એમપ્રેસ) શહેનશાહ બાનું
Wife, *n.* (વાઇફ) બાયડી.
Husband, *n.* (હઝબંડ) વર.
Eldest, *adj.* (એલ્ડેસ્ટ) સૌથી વડો.
Son, *n.* (સન) દીકરો.
Is named, *v. t.* (ઇઝ નેમ્ડ) નામનો છે.
Edward, *n.* (એડવર્ડ) નામ છે.
Is called, *v. t.* (ઇઝ કૉલ્ડ) કહે છે
Prince of Wales, (પ્રીન્સ ઑફ ઉવેલ્સ) ઉવેલ્સનો શાહજાદો.
Please, *v. t.* (પ્લીઝ) મરજી પડે.
God, *n.* (ગૉડ) ખોદા.
Bless, *v. t.* (બ્લેસ) સુખી રાખે.

આ ઇગ્લાંડની રાણી અને હિંદુસ્તાનની શહેનશાહ બાનુ મેરી છે. તેણી જૉર્જ રાજાની બાયડી થાય છે. તેણી ઇગ્લાંડમાં પોતાના વર સાથે રહે છે. તેણીના સૌથી વડા દીકરાનું નામ એડવર્ડ છે. તેને ઉવેલ્ઝનો શાહજાદો કહે છે. જો ખોદાની મરજી પડે તો કોઇ દહાડો આપણો રાજા થશે. ખોદા આપણી રાણીને સુખી રાખે.

23. GRANDFATHER ૨૩. બપાવા.

Grand father, *n.* (ગ્રાન્ડફાધર) બપાવા, મોટા બાવા.
Poor, *adj.* (પુઅર) ગરીબ.
Little, *adj.* (લિટલ) નાનો.
Both, *adj.* (બોથ) બેઉ.
Dead, *adj.* (ડેડ) મરી ગયલાં.

Care, *n.* (કેર) સંભાળ.
But, *prep.* (બટ) શિવાય.
Child, *n.* (ચાઇલ્ડ) છોકરૂં.
Only, *ad.* (ઓનલિ) માત્ર.
Grandson, *n.* (ગ્રાન્ડસન) દીકરાનો દીકરો, પૌત્ર.
Can leave, *v. t.* (કૅન લીવ) મુકી આપવું.
Alone, *adj.* (અલોન) એકલો.
Takes, *v. t.* (ટેક્સ) લઇ જાયછે.
Work, *n.* (ઉર્ક) કામ.
Gardner, *n.* (ગાર્ડનર) માળી
Works, *v. i.* (ઉવર્ક્સ) કામકરેછે
Hard, *ad.* (હાર્ડ) સખત
Garden, *n.* (ગાર્ડન) વાડી.
Evening, *n.* (ઇવનિંગ) સાંજ
Village, *n.* (વિલેજ) ગામ.
Miles, *n.* (માઇલ્ઝ) માઇલ.
Off, *ad.* (ઑફ) દુર.
Is working, *v. i.* (ઇઝઉવરકિંગ) કામ કરેછે.
Plays, *v. i.* (પ્લેઝ) રમે છે.
About, *ad.* (અબાઉટ) આમતેમ
To-day, *n.* (ટુ ડે) આજે.
Walked, *v. i.* (ઉવૉકડ) ચાલ્યું
Said, *v. t.* (સેડ) કહ્યું
Am tired, *v. t.* (ઍમ ટાયર્ડ) હારી ગયો છું.
Kind, *adj.* (કાઇન્ડ) માયાળું
Stopped, *v. i.* (સ્ટૉપ્ડ) થોભ્યો
Took, *v. t.* (ટુક) લીધો.
Shoulder, *n.* (શોલ્ડર) ખભું.
Carrying, *prep.* (કૅરિઈંગ) લઇ જતો.
Sixty, *adj.* (સિક્સ્ટિ) સાઠ.
Face, *n.* (ફેસ) ચેહેરો.
Very, *ad.* (વૅરિ) ઘણો.
Strong, *adj* (સ્ટ્રૉન્ગ) જોરાવર.
Still, (સ્ટિલ) હજી.
Will light, *v. t.* (ઉવિલ લાઇટ) સળગાવશે.
Fire, *n.* (ફાયર) બળતું
Cock, *v. t.* (કુક) રાંધશે.
Will lie down *v. i.* (ઉવિલ લાઇ ડાઉન) સુઇ જશે.
Mat, *n.* (મૅટ) ચટાઇ, સાદડી.
Sleep, *v. i.* (સ્લીપ) ઉંઘાવું.
Till, *prep.* (ટિલ) સુધી.

આ ગરીબ નાના છોકરાના બાપ અને માય નથી. તેના બાપ અને માય બન્ને મરી ગયાં છે. તેના બુઢા મોટા બાવા શિવાય તેની સંભાળ લેનાર કોઇ નથી. તે બુઢા માણસને બાયડી અને છોકરાં નથી. તેનો માત્ર નાનો દીકરાનો દીકરો છે, જે ચાર વરસની ઉમરનો છે. તેની સંભાળ લેવાને કોઇ ન હોવાથી તે પેલા બાળકને ઘરમાં એકલો રહેવા દઇ શકતો નથી. તેથી તે તેને પોતાની સાથે પોતાના કામ ઉપર લઈ જાય છે. તે માળી છે. તે આખો દહાડો વાડીમાં સખત કામ

કરે છે. અને સાંજના તે ત્રણ માઇલ દુર પોતાના ગામડાંના ઘરમાં જાય છે જ્યારે તે કામ કરે છે, ત્યારે તેનો દીકરાનો દીકરો વાડીમાં આમતેમ રમેછે. જ્યારે આજે તેઓ ઘર આવતા હતા, ત્યારે તે બાળક થોડે રસ્તે ચાલ્યું. પછી તે બોલ્યો, મોટાબાવા, હું થાકી ગયો છું, મારાથી કાંઇ વધારે ચલાતું નથી. ત્યાર પછી તે માયાળુ બુઢો માણસ ઉભો રહયો, અને પોતાના દીકરાના દીકરાને પોતાના ખભાં ઉપર લીધો, અને હવે તમે તેને ઘેર લઇ જતાં જુઓ છો. તે સાહાઠ વરસની ઊમરનો છે. તેના ચહેરા ઉપરના બાળ સફેદ છે તે ઘણો જોરાવર નથી. પણ તે હજી પોતાના દીકરાના દીકરાને લઇ જઇ શકેછે. જ્યારે તેઓ ઘર પુગશે, ત્યારે તે બળતું સળગાવશે. અને બેઉને માટે ખાવાને થોડાક ચોખા રાંધશે. ત્યારપછી તે અને તેના દીકરાનો દીકરો સાદડી ઉપર સુઇ જશે, અને સહવાર સુધી ઊંઘાશે.

આજે.	ગઇ કાલે.		
હું કહું છું.	મેં કહયું.	તે કહે છે.	તેણે કહયું
હું કરૂં છું	મેં કાધું.	તે કરે છે.	તેણે કીધું.
હું છું	હું હતો.	તે છે.	તે હતો
હું આપું છું.	મેં આપ્યું	તે આપે છે.	તેણે આપ્યું
હું કહું છું.	મેં કહયું.	તે કહે છે.	તેણે કહયું
મારી પાસે છે.	મારી પાસે હતું	તેની પાસે છે.	તેની પાસે હતું
હું જાઉં છું.	હું ગયો.	તે જાય છે.	તે ગયો
હું સાંભળું છું.	મેં સાંભળ્યું.	તે સાંભળે છે.	તેણે સાંભળ્યું
હું મેળવું છું.	મેં મેળવ્યું.	તે મેળવે છે.	તેણે મેળવ્યું
હું આવું છું.	હું આવ્યો	તે આવે છે.	તે આવ્યો
હું જાગું છું	હું જાગ્યો	તે જાગે છે.	તે જાગ્યો
હું લઇ જાઉં છું	હું લઇ ગયો	તે લઇ જાય છે.	તે લઇ ગયો
હું બેસું છું.	હું બેઠો	તે બેસે છે.	તે બેઠો

24. BREAKFAST ૨૪ નાસ્તો.

Breakfast, *n.* (બ્રેકફાસ્ટ) નાસ્તો

Meal, *n.* (મીલ) ભોજન.

Call, *v. t.* (કૉલ) કહીયે છીયે [વચન

These, *v. t.* (ધીઝ) આ (બહુ

Have worked, *adj.* (હૅવ વર્ક્ડ) કામ કીધું છે.

Coffee, *n* (કૉફી) કાફી, બુંદ.

To drink, *inf.* (ટુ ડ્રિંક)પીવાને

Before, *conj.* (બીફોર) અગાઉ.
Left, *v. t.* (લેફ્ટ) છોડયું.
Hours, *n* (અવરઝ) કલાક
Hungry, *adj.* (હંગ્રિ) ભુખ્યો.
Thirsty, *adj.* (થરસ્ટિ) તરસ્યા.
Are having, *v. t.* (આર હૅવિંગ). લે છે.
Behind, *prep.* (બિહાઇન્ડ)પછવાડે
Flower-pots, *n.* (ફલાવર-પૉટઝ) ફુલનાં કુંડા.
Where, *ad.* (હ્વેર) જ્યાં.
Each, *adj.* (ઇચ) દરેક.
Leaf plate, *n.* (લીફ પ્લેટ)પતરાવળી
Heaps, *n.* (હીપ્ઝ) ઢગળા
Curry, *n.* (કરિ) કારી
Chutney, *n.* (ચટનિ) ચટણી
Just, *ad.* (જસ્ટ) હમણાજ
Is drinking, *v. t.* (ઇઝડ્રિંકિંગ) પીયે છે.
Middle, *ad.* (મિડલ) વચલો
Is putting, *v.t.* (ઇઝ પુટિંગ) મૂકેછે
Handful, *n.* (હૅન્ડફુલ) મુઠો ભરીને
Mouth, *n.* (માઉથ) મોઢું
Third, *adj.* (થર્ડ) ત્રીજો
Is pouring, *v.t* (ઇઝ પોરિંગ)રેડેછે
Chili water, (ચિલિ વૉટર) મરચાનુ પાણી
Willmix, *v.t.* (વિલ મિક્સ) ભેળશે
To taste, *inf.*(ટુ ટેસ્ટ) સ્વાદ લાવવાને
Chilies, *n.* (ચિલિઝ) મરચાં
Grow, *v. i.* (ગ્રો) ઉગે છે
Hot, *adj.* (હૉટ) ગરમ
Long, *adj.* (લૉન્ગ) લાંબા
Dinner, *n.* (ડિનર) રાતનું ભોજન
To-night, *n.* (ટુનાઇટ) આજ રાત્રે
Those, *pron.* (ધોઝ) પેલા; તે
Idle, *adj.* (આઇડલ) આળસુ
Want, *v. t.* (વૉન્ટ) માગો
Must work, *v. i.* (મસ્ટ વર્ક) કામ કરવું જોઇએ
Supper, *n.* (સપર) રાતનું ભોજન
Is begun, *v.t.* (ઇઝ બિગન)શરૂ થાય
Is done, *v. t.* (ઇઝ ડન) પુરૂં થાય
Great, *adj.* (ગ્રેટ) મોટું
At all, *ad.* (ઍટ ઑલ) બીલકુલ

દિવસના જે પહેલું સારૂં ભોજન આપણે લઇએ છીયે, તેને આપણે નાસ્તો કહિયે છીયે. હમણા એક વાગો છે આ ત્રણ માણસોએ આખી સહવાર સખત કામ કરયું છે. તેઓ ઘરમાંથી ગયા તેની અગાઉ તેઓને થોડીક કારી પીવાની અને એક ચોખાની પુરી ખાવાની મળી. પણ તે આઠ વાગે હતું. પાંચ કલાક સુધી તેઓને કાંઇ ખાવાનું મળ્યું નથી, અને હમણા તેઓ ભુખ્યા અને તરસ્યા થયા છે. તેથી તેઓ થોડાંક ફુલનાં કુંડાની પછવાડે એક સુંદર વાડી, કે જ્યાં તેઓને કોઇ જોઈ શકતું નથી, ત્યાં તેઓ પોતાનો નાસ્તો ખાય છે. દરેક માણસની

આગળ એક પતરાવળી છે. તે પતરાવળી ઉપર થોડાંક સુંદર સફેદ ચાવળ છે તે ચાવળની બધે આસપાસ તમે કરી અને ચટણીના નાના ઢગળા જુઓ છો. એક માણુસ હમણાજ પાણી પીએ છે. વચલો માણુસ મુઠો ભરીને ચાવળ પોતાના મોઢામાં મુકેછે. ત્રીજો માણુસ થોડુંક મરચાંનું પાણી એક નાના વાસણમાંથી પોતાના હાથમાં રેડેછે. તે સારો સ્વાદ આપે, એટલા માટે તેને પોતાના ચાવળ સાથે ભેળશે. મરચાં વાડીમાં ઉગે છે. તેઓ ઘણા ગરમ હોય છે. કેટલાંક લાંબા અને કેટલાક ગોળ હોય છે. કેટલાંક લીલાં અને કેટલાંક લાલ હોય છે. જે ભોજન આપણે રાત્રે લઇએ છીએ, તેણે આપણે 'ડિનર' કહીયે છીયે આજ રાત્રે આઠ વાગે આ માણુસો પોતાના ભોજન તરીકે થોડાક વધારે કરી ચાવળ ખાશે તેઓ તે ઘરમાં ખાસે. પછી તેઓ સુઇ જસે, અને ઉંઘાઇ જશે. જેઓ દિવસે સખત કામ કરેછે, તેઓ રાત્રે બરાબર ઊંઘાય છે. આળસુ માણસોને ઉંઘ આવતી નથી જો તમે બરાબર ઉંઘાવા માંગતાં હો તો તમારે સખત કામ કરવું જોઇએ.

આપણે સહવારના નાસ્તો લઇએ છીયે, આપણે દિવસે ' ડિનર ' લઇએ છીયે, આપણે રાત્રે ' સપર ' લઇએ છીયે.

જ્યારે તમારૂં કામ એકવાર શરૂ થઈ ચુકે, ત્યારે જ્યાં સુધી તે પુરૂં થાય ત્યાં સુધી તમે ઘેલતા ના. તમારૂં કામ મોટું હોય કે નાનું હોય, તો પણ તે બરાબર કરજો અથવા બીલકુલ કરતા ના.

25 OUR SCHOOL. ૨૫. આપણી નિશાળ.

School, *n.* (સ્કુલ) નિશાળ.
Half-past-nine, *n.* (હાફ-પાસ્ટ-નાઈન) સાડા નવ.
Fast, *ad.* (ફાસ્ટ) ઝડપથી.
May be, *v. i.* (મે બી)થઇશું
Late, *adj.* (લેટ) મોડા
All, *adj.* (ઑલ) સઘળી.
Books, *n.* (બુક્ઝ) ચોપડીઓ.
Yes, *ad.* (યેસ) હા.
Then, *ad.* (ધેન) ત્યારે.
Head-master, *n.* (હેડ-માસ્તર) વડા શિક્ષક.
Just, *ad.* (જસ્ટ) હમણાજ.
Going, *pr. p.* (ગોઇંગ) જતાં.
Coat, *n.* (કોટ) ડગલો.
Over, *prep.* (ઓવર) ઉપર.
Gown, *n.* (ગાઉન) ઝભ્ભો.
Turban, *n.* (ટરબન) પાઘડી.
Clever, *n.* (કલેવર) હુશિયાર.
His, *pron.* (હિઝ) તેનો.

Pay, *n*. (પે) પગાર. [એકસો.
One hundred, *adj*. (વન હંડ્રેડ)
Rupees, *n*. (રૂપીઝ) રૂપીયા.
Will teach, *v. t*. (ઉવિલ ટીચ) શિખવશે.
Teaches, *v. t*. (ટીચિઝ) શીખવેછે.
Big, *adj*. (બિગ) મોટા.
Who, *pron*. (હુ) કોણ
Master, *n* (માસ્ટર) શિક્ષક.
Can read, *v. t*. (કૅન રીડ) વાંચી શકો છો.
Write, *v. t*. (રાઇટ) લખવું.
Spell, *v. t*. (સ્પેલ) જોડણી કરવી.
English, *n*. (ઇંગ્લીશ) અંગ્રેજી.
Primer, *n*. (પ્રિમર) શરૂઆતની ચોપડી. [બેસાડવામાં આવશે.
Will be put, *v.t*.(ઉવિલ બિ પુટ)
Fourth, *adj*. (ફોર્થ) ચોથા.
Class, *n*. (કલાસ) વર્ગ.

Fee, *n*. (ફી) પગાર [જોઇએ.
Must pay, (મસ્ટ પે) આપવી
Poor, *adj*. (પુઅર) ગરીબ.
Half, *n*. (હાફ) અરધો.
Speak, *v. i*. (સ્પીક) વાત કરૂં.
Them, *pron*. (ધેમ) તેમને.
Sir, *n*. (સર) સાહેબ.
Any, *adj*. (ઍનિ) કોઇબી.
Think, *v. t*. (થિંક) ધારૂં છું.
Happy, *adj*. (હૅપિ) સુખી.
Kind, *adj*. (કાઇન્ડ) માયાળુ.
Obey, *v. t*. (ઓબે) તાબે થવું.
Rules, *n*. (રૂલ્સ) કાયદા.
Are told, *v. t*. (આર ટોલ્ડ) કહેવામાં આવે.
Must work, *v. i*. (મસ્ટ ઉવર્ક) મહેનત કરવી જોઇએ.
Might, *n*. (માઇટ) જોર.

સાડા નવ વાગ્યા છે. આપણે માટે નિશાળે જવાનો વખત થયો છે. હું તમને મારી સાથે લઇ જઇશ. આપણને ઝડપમાં ચાલવું જોઇએ. નહિતો આપણે મોડું કરશું. તમારા પાસે તમારી બધી ચોપડીઓછે? હા, અહિયાં તેઓછે. ત્યારે ચાલો આપણે જઇએ. અહિયાં આપણે છીયે. તમે હમારા વડા શિક્ષકને હમણાજ અંદર જતાં જોયા? તેણે ડગલો પહેરયોછે. અને ડગલા ઉપર તણે ઝભ્ભો પહેરયો છે. તેણે માથે લાલ અને સફેદ પાઘડી પહેરીછે. હમારા વડા શિક્ષક ઘણા હુશિયાર માણસ છે. તેનો પગાર દર મહીને સો રૂપિયા છે. તે મને શીખવશે? નહિ, તે તમને શિખવશે નહિ. તે મોટા છોકરાઓને શીખવે છે. મારો શિક્ષક કોણ થશે? તમે અંગ્રેજી બરાબર વાંચી, લખી, અને જોડણી કરી શકો છો? નહિ, હું બરાબર વાંચી અને જોડણી કરી શકતો નથી. મેં ફકત અંગ્રેજીમાં શરૂઆતની ચોપડી વાંચી છે. ત્યારે તમને ચોથા વર્ગમાં બેસાડવામાં આવશે. ચોથા

વર્ગના શિક્ષક તમને શીખવશે. મારે શું પગાર આપવો જોઇએ ? જો તમને ચોથા વર્ગમાં બેસાડવામાં આવે, તો તમને દર મહિને એક રુપિઓ પગાર આપવો જોઇએ. જો તમે ઘણા ગરીબ છોકરા હોવ તો તમને અડધો રુપિયો પગાર આપવો પડશે. જ્યારે હું વડા શિક્ષક અને વર્ગના શિક્ષક અને વર્ગના શિક્ષક સાથ વાત કરું, ત્યારે મારે તેમને શું કહી બોલાવવા જોઇએ ? જ્યારે તમે કોઇ પણ શિક્ષક સાથ વાત કરો, ત્યારે તેમને ' સાહેબ ' કરીને કહેવું જોઇએ, હું ધારું છું કે તમને હમારી નિશાળ ગમશે, અને તેમાં સુખી થશો. શિક્ષકો હમારી ઉપર માયા રાખશે ? હા, જો તમે નિશાળના કાયદાને તાબે થાઓ, અને તમને જે કહેવામાં આવે તે કરો તો નિશાળમાં તમને સખત મહેનત કરવી જોઇએ. તમને તમારાં સઘળાં બળથી મહેનત કરવી જોઇએ.

ONE THING AT A TIME. એક વખત એક ચીજ કરો.

Thing, *n.* (થિંગ) ચીજ.
Play, *v. i.* (પ્લે) રમો.
Done, *p. p.* (ડન) કીધેલી.
Halves, *n.* (હાફ્ઝ) અરધી.
Right, *ad.* (રાઇટ) બરાબર.
Good, *adj.* (ગુડ) સારો.
Many, *adj.* (મૅનિ) ઘણો.

કામ કરતી વખતે કામ કરો, રમતી વખતે રમો, હું કહું છું કે સુખી થવાનો તે માર્ગ જે સઘળું તમે કરો, તે તમારા જોરથી કરજો, અરધી કરેલી ચીજો કદી પણ બરાબર કરવામાં આવતી નથી. એક વખતે એક ચીજ કરો, અને તે બરાબર કરવામાં આવે, તો જેમ ઘણાકો કહેછે તેમ તે એક ઘણો સારો કાયદો છે.

26. BIRDS. પક્ષીઓ.

Birds, *n.* (બર્ડ્ઝ) પક્ષીઓ
Trees, *n.* (ટ્રીઝ) ઝાડો.
Ground, *n.* (ગ્રાઉંડ) જમીન.
Can fly, *v. i.* (કૅન ફ્લાઇ) ઉડી શકે છે.
Through, *prep* (થ્રુ) માં.
Air, *n.* (એર) હવા. [ઢંકાયલા છે.
Are covered, *v. t.* (આર કવર્ડ)
Soft, *adj.* (સૉફ્ટ) નરમ.
Feathers, *n.* (ફેધરઝ) પીંછાં.
Light, *adj.* (લાઇટ) હલકાં.
Heavy, *adj.* (હેવિ) ભારે.
Make, *v. t.* (મેક) બનાવે છે.
Houses, *n.* (હાઉઝિઝ) ઘરો.
Called, *p. p.* (કૉલ્ડ) નામના.
Nests, *n.* (નેસ્ટ્ઝ) માળા.

Lay, *v. t.* (લે) મૂકે છે
Eggs, *n.* (એગ્ઝ) ઈંડાં
To keep, *inf.* (ટુ કીપ) બચાવવાને
Getting, *pr. p.* (ગેટિંગ) થતાં
Break, *v. i.* (બ્રેક) ભાગે છે
Bring, *v. i.* (બ્રિંગ) લાવે છે
Food, *n.* (ફુડ) ખોરાક
Learn, *v. t.* (લર્ન) શીખે છે
To use, *inf.* (ટુ યુઝ) વાપરવાની
Wings, *n.* (ઉવિંગ્ઝ) પાંખો
Themselves, *pron.* (ધેમસેલ્વ્ઝ) પોતાને
Birdie, *n.* (બર્ડિ) નાનું પક્ષી
Sing, *v. i.* (સિંગ) ગાય છે
Sweetly, *ad.* (સ્વીટલિ)મધુર રીતે
Begin, *v. t.* (બિગીન)શરૂ કરે છે
Early, *ad.* (અરલી) સકારે
Day-break, *n.* (ડે-બ્રેક) પરોઢીયું
Keep on, *v.t* (કીપઑન)ચાલુ રાખેછે

પક્ષીઓ ઝાડમાં રહે છે, તેઓ જમીન ઉપર આમતેમ ચાલી અને દોડી શકે છે, અને તેઓ એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર હવામાં ઉડી શકે છે. તેઓ નરમ પીછાંથી ઢંકાયલાં હોય છે, અને ઘણા હલકાં હોય છે, માણસોના જેવાં ભારી હોતાં નથી. તેઓ ઝાડમાં પાંદડામાંથી નાના ઘરો બનાવેછે, જેને માળા કહેછે, તેમાં તેઓ ઈંડાં મૂકેછે, અને તેઓને થંડા થઇ જતાં બચાવવાને તે ઉપર બેસેછે, જ્યારે તેઓ થોડોક વખત સુધી માળામાં રહેછે, ત્યારે ઇંડાં ભાગે છે, અને નાના પક્ષીઓ તેમાંથી બહાર આવે છે. પહેલ વહેલાં તેઓ ઊડી શકતાં નથી અને મોટાં પક્ષીઓ તેઓની આગળ ખોરાક લાવેછે. પણ તેઓ જલદીથી પોતાની પાંખો વાપરતાં શીખે છે. જ્યારે તેઓ એ પ્રમાણે કરી શકેછે, ત્યારે તેઓ ઉડી જાયછે અને પોતાને માટે ખોરાક લાવે છે. એક નાના પક્ષીને આપણે બર્ડિ કહીયે છીયે. ઘણાં પક્ષીઓ ઘણી મધુર રીતે ગાય છે. તેઓ સહવારમાં સકારે પરોઢીયામાં ગાયછે, અને આખો દહાડો ગાયા કરેછે. રાત્રે તેઓ ઉંઘાઇ જાય છે.

BIRDIE AND BABY નાનું પક્ષી અને બાળક.

Rest, *v. i.* (રેસ્ટ) આરમ લેવો
Longer, *ad.* (લૉન્ગર)વધારે વાર
Stronger, *adj.* (સ્ટ્રૉન્ગર)વધારે મજબુત
Bed, *n.* (બેડ) બિછાણું
Like, *adj.* (લાઇક) માફક
Rise, *inf.* (રાઇઝ) ઉઠવું
Legs, *n.* (લેગ્ઝ) પગો

(૧) નાનું પક્ષી પરોઢીયે પોતાના માળામાં શું બોલે છે ? નાનું પક્ષી બોલે છે, મને ઉડી જવા દેઓ. માય મને ઉડી જવા દેઓ (૨) નાના પક્ષી જ્યાં સુધી નાની પાંખો વધારે મજબુત થાય ત્યાં સુધી જરા વધારે વાર આરામ લેઓ, તેથી તેણી જરા વધારે વાર આરામ લે છે. ત્યાર પછી તેણી ઉડી જાય છે. (૩) નાનું

બાળક પરોઢીયે પોતાના બીછાણુંમાં શું બોલે છે ? બાળક બોલે છે, નાના પક્ષીની માફક મને ઉડવા દેઓ અને દોડી જવા દેઓ. (૪) બાળક જ્યાં સુધી નાના પગો વધારે મજબુત થાય ત્યાં સુધી જરા વધારે વાર ઉંઘાઓ. જો બાળક જરા વધારે વાર ઉંઘાય તો તેણી પણ દોડી જશે.

27 THE POSTMAN. ટપાળનો પટાવાળો.

Post-man, *n.* (પોસ્ટમન) ટપાળનો પટાવાળો [રહેતો
Standing, *pr. p.* (સ્ટૅન્ડિંગ) ઉભો
Door, *n.* (ડૉર) દરવાજો
Know, *v. i.* (નો) જાણવું. [પકડે છે
Is holding, *v. t.* (ઇઝ હોલ્ડિંગ)
Letter, *n.* (લેટર) કાગળ
Under, *prep.* (અંડર) તળે
Arm, *n.* (આમ) હાથ
Bundle, *n.* (બંડલ) બીંટડી
Brown, *adj.* (બ્રાઉન) ભુરા રંગનો
Leather, *n.* (લેધર) ચામડાંનો
Bag, *n.* (બૅગ) કોઠળો [ઘણા
A great many, *adj.* (એ ગ્રેટ મૅની)
More, *ad.* (મોર) વધારે
Town, *n.* (ટાઉન) શહેર
Far, *ad.* (ફાર) દૂર
Last, *adj.* (લાસ્ટ) છેલ્લે; ગયે
Would write, *v. i.* (વુડરાઇટ) લખશે
Any thing, *n.* (અનિ થિંગ) કાંઇ
Bringing, *ger.* (બ્રિંગિંગ) લાવવા
Put, *v. t.* (પુટ) મુકી; ચોંટાડી. [આણાનો
Half-anna, *n.* (હાફ-અના) અરધા
Stamp *n.* (સ્ટૅમ્પ) ટપાલની ટિકિટ
Cover, *n.* (કવર) પરબીડું
Post, *n.* (પોસ્ટ) ટપાળ
A few, *adj.* (એ ફ્યુ) થોડા
Words, *n.* (વરડ્સ) શબ્દો [કાર્ડ
Post-card, *n.* (પોસ્ટ-કાર્ડ) ટપાળનો
Wrote, *v. i.* (રોટ) લખ્યું
Yesterday, *n.* (યસ્ટરડે) ગઇ કાલે
Got, *v. t.* (ગૉટ) મળ્યું
Delhi, *n.* (દિલ્હિ) દિલ્હિ શહેર, હિંદુસ્તાનમાં જમના નદી ઉપર
Dear, *adj.* (ડિયર) વહાલું
Got, *v. i.* (ગૉટ) આવી પુગા
Has been, *v. i.* (હૅઝ બીન) છે
Rain, *n.* (રેન) વરસાદ
Quite, *ad.* (ક્વાઇટ) તદન
Busy, *adj.* (બિઝિ) ઉદ્યોગી
Next, *adj.* (નેક્સ્ટ) આવતા [મોકલીશ
Will send, *v. t.* (ઉવિલ સેન્ડ)
Asked, *v. t.* (આસ્કડ) માગી, કહ્યું.
Good-bye, *n.* (ગુડ-બાઇ) સાહેબજી
Love, *n.* (લવ) પ્યાર.
Loving, *adj.* (લવિંગ) વહાલો

દરવાજા આગળ પેલું કોણ ઉભું છે, અને તેની પાસે તેના હાથમાં શું છે ?

શું તમે જાણતા નથી ? તે ટપાળનો સિપાઇ છે. તે પોતાના હાથમાં એક કાગળ પકડે છે. તેની બગળમાં તેની પાસે એક કાગળની બીંડડી છે. તે એક ભુરા રંગનો ચામડાંનો કોઠળો લઇ જાય છે. તેમાં ઘણાં વધારે (કાગળો) છે. હું તે કાગળ લઇશ તે મારા બાવા તરફથી આવેલું છે. તે ગયે મહિને શહેરમાં ઘણો દુર ગયો હતો, તેણે કહયું હતું કે તે મારી ઉપર જલદીથી કાગળ લખશે. તે કાગળ અહિંયાં લાવવા માટે તમારા બાવાને પેલા ટપાળના સિપાઇને કંઇ આપવું પડયું ? નહિં, તેણે તે કાગળના પરબિડાં ઉપર એક અરધા આનાની ટીકીટ ચોંટાડી. હું મારા ભાઇ ઉપર તપાળ મારફતે લખું ? તે ઘણો દુર રહે છે. અરે હા, જો તમને ગમે તો લખો. જો તમે માત્ર થોડાજ શબ્દો જણાવવા માગતા હોવ, તો તમે એક ટપાળના કાર્ડ ઉપર તે લખજો. મારા બાવાએ ગઇ કાલે મારી ઉપર લખ્યું. અને મને આજે કાગળ મળ્યું. આ મારા બાવા તરફનું કાગળ છે.

દિલ્હિ.—જુન ૧, ૧૯૧૦.

મારા વહાલા છોકરા,

હું તમને જણાવવા લખું છું કે હમે અહિંયાં સોમવારે ચાર વાગે આવી પુગા. અહિંઆં ઘણી ગરમી પડે છે. લાંબો વખત થયો વરસાદ પડયો નથી. હું અને તમારાં વહાલાં માય તદ્દન સારી પેઠે છે. હું ઘણો રોકાયલો છું અને એક લાંબુ કાગળ લખવાને મને વખત નથી. ઘરમાં તમે સઘળાં કેમ છેઓ તે મને લખી જણાવજો. વળતા ટપાળમાં. જે ચોપડી તમે મારી પાસે માગતા હતા, તે હું તમારી ઉપર મોકલી આપીશ. આવતે અઠવાડિયે હમે પાછા આવશું. હમે બેસ્પતવારે ચાર વાગે ઘર આવી પુગશું—સાહેબજી, તમારા બહેનો અને ભાઇઓને મારી દુવા કહેજો.

હું છું,

તમારો હેતવંતો બાપ.

28. THE DOG. કુતરો.

Dog, *n.* (ડૉગ) કુતરો
Dark, *adj.* (ડાર્ક) અંધારૂં
Lock, *v. t.* (લૉક) તાળું મારૂંછું
Near, *prep.* (નિયર) નજદીક
Afraid, *adj.* (અફ્રેડ) બીધેલાં
Thieves, *n.* (થીવ્ઝ) ચોરો
Steal, *v. t.* (સ્ટીલ) ચોરી જાય
Friend, *n.* (ફ્રેન્ડ) મિત્ર
Watches, *v. t.* (ઉવૉચિઝ) તપાસેછે
Thief, *n.* (થીફ) ચોર
Would bark, *v. i.* (વુડ બાર્ક) ભસે
Wake, *v. i.* (ઉવેક) જગાડે
Bite, *v. t.* (બાઇટ) કરડે
Else, *adj.* (એલસ) બીજું
Stick, *n.* (સ્ટિક) લાકડી [હોય
Is pleased, *v. t.* (ઇઝ પ્લીઝડ)રાજી
Wags, *v. t.* (ઉૅગ્ઝ) હલાવે છે

Growls, *v. i.* (ગ્રાઉલ્ઝ) ઘુરકે છે	Howls, *v. i.* (હાઉલ્ઝ) પોકાર કરે છે
Angry, *adj.* (ઍન્ગ્રિ) ગુસ્સે	Sad, *adj.* (સૅડ) દલગીર

રાત્રે જ્યારે અંધારૂં થાય છે, ત્યારે હું મારા ઘરના દરવાજાને તાળું દઉં છું. તમે પણ તેમ કરો છો ? નહિ, હું કદી મારા દરવાજાને તાળું દેતો નથી. તમારી નજદીક કોઇ રહેતું નથી શું તમને બીક નથી લાગતી કે ચોરો આવીને કાંઇ ચોરી જાય ? અરે નહિ ! મારો એક ભલો મિત્ર છે. જે મારૂં ઘર આખી રાત તપાસે છે. તે કદી ઉંઘાતો નથી, ચોરો તેનેથી બીએ છે. તમે તેને ત્યાં ઉભેલો જુઓછો ? તે મારો નાનો કુતરો છે. જો એક ચોર કાંઇ ચોરવાને આવે, તો મારો કુતરો ભસે અને મને જગાડે, અને ચોરને કરડે. તમારો કુતરો કંઇ બીજું કરી શકે છે ? હા તે મારી લાકડી પોતાના મોઢાંમાં લઇ જઇ શકે છે. જ્યારે તે રાજી હોય ત્યારે તે શું કરે છે ? તે પોતાની પુછડી હલાવે છે. જ્યારે તે ગુસ્સે થાય છે, ત્યારે તે ઘુરકે છે અને જ્યારે તે દલગીર થાય છે, ત્યારે તે પોકાર કરે છે.

29. TALKING. વાત કરવા વિષે.

Talking, *ger.* (ટૉકિંગ) વાત કરવા	What's, (વ્હૉટસ) શું છે.
Often, *ad.* (ઑફન) વારંવાર	Who's, (હુઝ) કોણ છે
I've been, (આઇવ બીન) હું છું	Don't go, (ડૉન્ટ ગો) જતા ના
I'm sure,(આઇમ સ્યુર)મારી ખાત્રીછે	Can't wait, (કાન્ટ ઉવેટ) થોભી શકતો નથી
I'll do, (આઇલ ડુ) હું કરીશ	Won't come, (ઉવોન્ટ કમ) આવશે નહિ
You've said (યુવ સેડ) તમે કહયુંછે	Shan't have,(શાન્ટહૅવ)મળશે નહિ.
Twice, *ad.* (ટવાઇસ) બેવાર	Here's, (હિયર્ઝ) અહિંયા છે.
You'll get, (યુઇલ ગૅટ)તમે પોંહોંચશો	There's, (ધેર્સ) ત્યાં છે
He's, (હિ ઇઝ) તે છે	Where's, (ઉવ્હેરઝ) કયાં છે.
He'll be, (હિઇલબિ) તે આવશે	Cap, *n.* (કૅપ) ટોપી
We've worked, (ઉવીવ ઉવર્કડ) હમે મેહનત કીધી છે.	Hasn't gone, (હૅઝન્ટ ગૉન) ગયો નથી.
Isn't, (ઇઝન્ટ) છે નહિ	It's, (ઇટઝ) તે છે
That's, (ધૅટઝ) તે છે	Out, *adj.* (આઉટ) બહાર.

વાત કરતાં આપણે વારંવાર કહીયે છીયે :—

હું વારંવાર ત્યાં ગયો છું. મારી ખાતરી છે કે તે આવ્યો. જો મારાથી બનશે તો હું તે કરીશ. તમે એ પ્રમાણે બેવાર કહયું. તમે ત્યાં જલદીથી પોહોંચશો.

તે છ વરસની ઉમરનો છે. તે જલદીથી અહિયાં આવશે. તમે ઘણું સખત કામ કીધું. તે મારી ચોપડી નથી. તે ખરૂં છે. તમારૂં નામ શું છે? ત્યાં કોણ છે? ત્યાં તમે જાઓ ના. હું લાંબો વખત સુધી બોલી શકતો નથી. તેઓ અહિંયાં આવશે નહિ. તમને આ મળશે નહિ. અહિયાં એક સુંદર ઝાડ છે. ત્યાં કોઇ નથી મારી ચોપી ક્યાં છે? તે હજી ગયો નથી. એટલું મોડું થયું છે કે બહાર જવાય નહિ.

30. SUGAR CANE. શેરડી.

Sugar cane, *n.* (શુગરકેન) શેરડી.
Sugar, *n.* (શુગર) ખાંડ [આવેછે
Is made, *v. t.* (ઇઝમેડ)બનાવવામાં
Juice, *n.* (જ્યુસ) રસ
Grows, *v. i.* (ગ્રોઝ) ઉગેછે
Fields, *n.* (ફીલ્ડઝ) ખેતરો
Canes, *n.* (કેન્ઝ) શેરડીઓ
Twelve, *adj.* (ટવેલ્વ) બાર
Feet, *n.* (ફીટ) ફીટ (૧૨ ઇંચ-૧ફુટ)
Are filled. *v. t.* (આર ફિલ્ડ) ભરેલા છે.
Sweet *adj.* (સ્વીટ) મીઠો
Is cut, *v. t.* (ઇઝ કટ) કાપવામાં આવે છે.
Pieces *n.* (પીસીઝ) ટુકડા.
Clean, *adj.* (ક્લીન) સ્વચ્છ.
Is boiled, *v. t.* (ઇઝ બૉઇલ્ડ) ઉકાળવામાં આવે છે.
Air, *n.* (એર) હવા.
Thick, *adj.* (થિક) ઘટ. [બેઠું છે.
Is sitting, *v. i.* (ઇઝ સિટિંગ)
Shop, *n.* (શૉપ) દુકાન. [વેચેછે.
Is selling, *v. i.* (ઇઝ સેલિંગ)
Bundles, *n.* (બંડલ્ઝ) ભારીઓ
Front, *n.* (ફ્રંટ) આગલો ભાગ.
Is chopping, *v. t.* (ઇઝ ચૉપિંગ) કાપે છે.
Short, *ad.* (શૉર્ટ) ટુંકા.
About, *ad.* (અબાઉટ) આશરે.
Pie, *n.* (પાઇ) પૈ.
Wrote, *v. t.* (રોટ) લખ્યું.
Calcutta, *n.* (કલકત્તા) કલકત્તા શહેર, હિંદુસ્તાનની રાજધાની, હુગળી નદી ઉપર.
Reached., *v. t.* (રીચ્ડ) પોહોંચ્યું
Thank, *v. t.* (થૅન્ક) ઉપકાર માનું છું.
Writing, *ger.* (રાઇટિંગ) લખવું.
Hope, *v. t.* (હોપ) આશા રાખુ છુ.
Seeta, *n.* (સીતા) છોકરીનું નામછે.
Headache, *n.*(હેડએક)માથું દુખવું
Uncle, (અંકલ) કાકા.
Benares, *n.* (બનારસ) બનારસ શહેર ગંગા નદી ઉપર.
Heavy, *adj.* (હેવિ) ભારે.
Cloud, *n.* (ક્લાઉડ) વાદળું.
Sky, *n.* (સ્કાઇ) આકાશ.[વહાલા
Affectionate, *adj.* (એફેક્શનેટ)

જે ખાંડ આપણને હિંદુસ્તાનમાં મળે છે, તે શેરડીના રસમાંથી બને છે. તે ખેતરોમાં ઉગેછે. કેટલીક શેરડી સફેદ, કેટલીક પીળી અને કેટલીક લાલ હોય છે. તેઓ દશ કે બાર ફીટ લાંબી હોય છે, અને મીઠા રસથી ભરેલી હોય છે. આ રસ મેળવવાને શેરડીના કાપીને નાના ટુકડા કરવામાં આવેછે. અને એક ઘંટીમાં પીળવામાં આવે છે. ત્યાર પછી તે રસને સાફ કરવામાં આવે છે, અને જ્યાંસુધી તેમાંનું સઘળું પાણી હવામાં જતું રહેછે ત્યાંસુધી તેને ઉકાળવામાં આવેછે. ત્યાર પછી તે ઘટ થાય છે. જ્યારે તે તદન ઠરો પડેછે, ત્યારે તેની ખાંડ થાય છે. જે માણસને તમો ચિત્રમાં જુવો છો તે બજારમાંની પોતાની દુકાનમાં બેઠોછે અને શેરડી વેચેછે. તેની આગળ બે મોટા ભારા ઉભેલાછે. તે લાબી શેરડીના કાપીને આશરે એક ફૂટ લાંબા ટુકા કકડા કરેછે તમે એક પાઇમાં એક કકડો ખરીદી શકો. જો તમારી મરજી પડે તો તે તમારે માટે ખાવાને તેનાં ઘણા નાના ટુકડા કાપી આપશે.

જે કાગળ મેં મારા બાવા ઉપર લખ્યું તે આ છે.

કલકતા,–જુન ૪, ૧૮૧૦

મારા વહાલા બાવા,

જે કાગળ તમે બુધવારે લખ્યું તે મને બીજે દહાડે પહોંચ્યું મારી ઉપર લખવાને માટે તમારો ઉપકાર માનું છું. જે ચોપડી તમે મારી ઉપર મોકળવા કહી હતી તે હજી આવી નથી. હું આશા રાખું છું કે તે આવતી કાલે આવશે. હમે સઘળાં ઘરમાં સારી પેઠે છઇયે, સીતાનું ગઇ કાલે માથું દુખ્યું. પણ તેણી કહેછેકે તે હમણા તદન જતું રહ્યું છે આજે સહવારે કાકા હમને મળવા આવ્યા હતા, તે કહેછે કે તે આવતે શનિવારે બનારેસ જાય છે. અહિયાં ગઇ રાતે જોરમાં વરસાદ પડયો હતો. પણ આજે આકાશમાં એક પણ વાદળું નથી. હમે સઘળા આશા રાખ્યે છીયે કે તમે આવતા બેસ્પતવારે પાછા આવશો, જેમ તમે તમારા કાગળમાં કહોછો કે તમે આવશો. વહાલા બાવા, સાહેબજી હમો સઘળા તરફથી દુવા સાથે.

હું છું, તમારો વહાલો દીકરો.

31. THE COCOA-NUT. નાળિયેર.

Cocoa-nut, *n.* (કોકોનટ) નાળિયેર.
Most, *ad.* (મોસ્ટ) સૌથી ઘણું
Useful, *adj.* (યુસફુલ) ઉપયોગી
Every, *adj.* (એવરિ) દરેક
Part, *n.* (પાર્ટ) ભાગ
Use, *n.* (યુસ) ઉપયોગ.
Open, *adj.* (ઓપન) ઉઘાડું
Find, *v. t.* (ફાઇન્ડ) માલમ પડેછે
Thick, *adj.* (થિક) જાડી
Skin *n.* (સ્કિન) છાલ
Coir, *n.* (કવાયર) કાથો.
Dried, *p. p.* (ડ્રાઇડ) સુકાયલી

Rope, *n.* (રોપ) દોરડું
Inside, *n.* (ઇનસાઇડ)અંદરની બાજુ
Shell, *n.* (શેલ) કોટલું
Which, *pron.* (વિચ) જે
Cups, *n.* (કપ્સ) પ્યાલાં
Kernel, *n.* (કરનલ) ગર
Green, *adj.* (ગ્રીન) લીલું
Full, *adj.* (ફુલ) ભરેલું
Drink, *v. t.* (ડ્રિંક) પીવું
Ripe, *adj.* (રાઇપ) પાકું.
Nut, *n.* (નટ) કોટળાવાળું ફળ
Is used, *v. t.* (ઇઝ યુઝડ) વપરાયછે
Also, *ad.* (ઑાલસો) વળી

Sweet-meat, *n.*(સ્વીટ-મીટ) મીઠાઇ
Dry, *adj.* (ડ્રાઇ) સુકું
Oil, *n.* (ઑાઇલ) તેલ
Grinding, *ger.* (ગ્રાઇન્ડિંગ)દળીને
Oil-cake, *n.* (ઑાઇલ-કેક) ખોળ
Left, *p. p.* (લેફ્ટ) રહેલો
After, *con.* (આફ્ટર) પછી
Is given, *v.t.* (ઇઝ ગિવન)આપવામાં [આવેછે
Cows, *n.* (કાઉઝ) ગાયો
Milk, *n.* (મિલ્ક) દુધ
Mats, *n.* (મૅટસ) ચટાઇ
Best, *adj.* (બેસ્ટ) સૌથી સરસ
Sea, *n.* (સી) દરિયો
Tall, *adj.* (ટૉલ) ઉંચા

હિંદુસ્તાનના સૌથી ઉપયોગી ઝાડોમાંનુ એક નાળિયર છે. તે ઝાડનાં દરેક ભાગનો કાંઇને કાંઈ ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે આપણે નાળિયર કાપીને ઉઘાડીયે છીયે, ત્યારે પહેલ વહેલાં આપણને જાડી છાલ મળેછે. જેને કાથો કહેછે જ્યારે આ સુકાય છે, ત્યારે તેનું દોરડું બનાવવામાં આવે છે. તેની અંદર કઠણ ભુરા રંગનું કોટલું છે જેના પ્યાલાં બનાવવામાં આવેછે. તે કોટલાંની અંદર મીઠા સફેદ ગર હોયછે તે ખાવામાં ઘણો સારો છે. લીલું નાળિયર મીઠાં પાણીથી ભરેલું હોયછે, જે આપણે પીયે છીયે. પકાં ફળનો સફેદ ગર કારી બનાવવામાં વપરાયછે. વળી તેની મીઠાઇ બનાવવામાં આવેછે. જ્યારે સુકાય છે ત્યારે આ ઘંટીમાં પીળીને તેમાંથી તેલ બનાવવામાં આવેછે. તેલ કાઢી લીધા પછી તે ઘંટીમાં રહેલા ખોળ ગાયોને ખાવાને માટે આપવામાં આવેછે. તેથી તેઓ સારૂં દુધ આપેછે. નાળિયેરીના ઝાડના પાંદડાંની સાદડી બનાવવામાં આવેછે. તે ઝાડો દરિયાની નજદીક સૌથી સરસ રીતે ઉગેછે. તે ઘણા ઉંચા હોયછે. નાળિયેરના સુકાં છોડાંના કાપીને બે કકડા કરવામાં આવેછે, અને દરેક અરધા કકડાનું એક સુંદર પ્યાલું બને છે.

32. THE THIRSTY BOY. તરસ્યો છોકરો.

Thirsty, *adj.* (થરસ્ટિ) તરસ્યો.
Rama, *n.* (રામા) છોકરાનું નામ છે
Town, *n.* (ટાઉન) શહેર.

Bought, *v. t.* (બૉટ) ખરીદી.
Book-shop, *n.* (બુકશૉપ) ચોપડીની દુકાન.

Set out, *v. i.* (સેટ આઉટ) નીકળ્યો
Found, *v. t.* (ફાઉન્ડ) માલમ પડયું
Still, *ad.* (સ્ટિલ) હજી
Tired, *adj.* (ટાયર્ડ) થાકી ગયલો
Saw, *v. t.* (સૉ) જોઇ
Woman, *n.* (વુમન) બાયડી
Side, *n.* (સાઇડ) બાજુ
Road, *n.* (રોડ) રસ્તો
Top, *n.* (ટૉપ) મથાળું
Knife, *n.* (નાઇફ) છરી.
Sat, *v. i.* (સૅટ) બેઠો
Drank, *v. t.* (ડ્રૅન્ક) પીધું

રામા આજે સહવારે ચાર વાગે ઉઠ્યો, તેને બે ચોપડીઓ ખરીદવા દસ માઇલ દુર શહેરમાં જવાનું હતું. તે ત્યાં આઠ વાગે પુગ્યો અને ચોપડીની દુકાને ચોપડીઓ ખરીદી, બાર પછી તે ઘર તરફ આવવા નિકળ્યો. થોડોક વખત પછી રામાને ઘણી ગરમી માલમ પડી. તે હજી ઘરથી ઘણો દુર હતો અને ઘણો થાકી ગયલો હતો અને તરસ્યો હતો. ત્યાર પછી તેણે એક બાયડીને રસ્તાની બાજુએ પોતાની આગળ જમીન ઉપર થોડાંક લીલાં નાળિયેર લઇને બેઠેલી જોઈ. રામાએ ત્રણ પાઇનું એક નાળિયેર ખરીદ્યું. તે બાયડીએ તેનું મથાળું એક મોટી બારે છરી જે તેણીના હાથમાં હતી, તે વડે કાપ્યું, કે જેથી કરીને પાણી બહાર નિકળે. રામા જમીન ઉપર બેઠો અને પાણી પી ગયો.

33. A GIRLS' SCHOOL. છોકરીઓની નિશાળ.

Girls', *n.* (ગરલ્ઝ) છોકરીઓની
School, *n.* (સ્કુલ) નિશાળ
Bell, *n.* (બેલ) ઘંટ
Rings, *v. i.* (રિંગ્ઝ) વાગેછે
Walking, *pr. p.* (વૉકિંગ) ચાલતી
Bag, *n.* (બૅગ) કોથળો.
To hold, *inf.* (ટુ હોલ્ડ) ભરવાને
Every, *adj.* (એવરિ) દરેક
Window, *n.* (વિન્ડો) બારી
To let in, *inf.* (ટુ લેટ ઇન) દાખલ કરવાને
Wind, *n.* (વિન્ડ) પવન
Blows, *v. i.* (બ્લોઝ] ફુંકેછે
Is shut, *v. t.*(ઇઝ શટ) બંધ કરવામાં આવેછે.
Bench, *n.* (બેન્ચ) બાજટ [થાયછે
Stand up, *v. i.* (સ્ટૅન્ડ અપ) ઉભી
To read, *inf.* (ટુ રીડ) વાંચવાને
Chair, *n.* (ચૅર) ખુરસી
Hears, *v. t.* (હિયર્ઝ) સાંભળેછે
Slowly, *ad.* (સ્લોલિ) આસ્તેથી
Carefully, *ad.* (કૅરફુલિ) સંભાળથી
Hard. *adj.* (હાર્ડ) અઘરા
Words, *n.* (વર્ડ્ઝ) શબ્દો.
Writes, *v. t.* (રાઇટ્સ) લખેછે
Black-board, *n.*(બ્લેક બોર્ડ) કાળું પાટીયું
Chalk, *n.* (ચૉક) સફેતો [દરેકતશિક્ષક
Copy-books, *n.* (કૉપી-બુક્ઝ)
Pencil, *n.* (પેનસિલ) સીસાપેન.

Pen, *n.* (પેન) કલમ
Ink, *n.* (ઇન્ક) શાહી
Slates, *n.* (સ્લેટઝ) પથ્થર પાટી
Sums, *n.* (સમ્ઝ) હિસાબો
Mistress, *n.* (મિસ્ટ્રિસ)સ્ત્રી શિક્ષક
Same, *adj* (સેમ) તેજ; એકજ
Does, *v. t.* (ડઝ) કરેછે
Before, *conj.* (બિફોર) આગમજ
Wash, *v. t.* (ઉવૉશ) ધુએછે
Comb, *v. t.* (કોમ) હોરેછે
Fingers, *n.* (ફિંગરઝ) આંગળાં
Learn, *v. t.* (લર્ન) શીખેછે
To sew, *inf.* (ટુ સો) સીવવું
Keep, *v. t.* (કીપ) રાખેછે
Work, *n.* (ઉવર્ક)સીવવા ભરવાનું
Cloth, *n.* (કલૉથ) કપડું
Pins, *n.* (પિન્ઝ) ટાંકણી
Needles, *n.* (નીડલ્ઝ) સોયો
Thread, *n.* (થ્રેડ) દોરો
Scissors, *n.* (સિઝરસ) કાતર
Places, *n.* (પ્લેસિઝ) જગા
Faces, *n.* (ફેસિઝ) ચહેરા
Ever, *ad.* (એવર) હમેશાં
Happy, *adj.* (હૅપિ) સુખી
Clever *adj.* (કલેવર)હુશિયાર[વિદ્યા
Learning, *ger.* (લરનિંગ)શીખવું,
Better, *adj.* (બેટર) વધારે સારૂં
Than, *conj.* (ધૅન) કરતાં
Silver, *n.* (સિલવર) રૂપું
Gold, *n.* (ગોલ્ડ) સોનું

જેવો ઘંટ વાગેછે, તેવીજ નાની છોકરીઓ નિશાળમાં ચાલતી આવે છે. તેઓમાંની દરેક છોકરી ચોપડીઓ ભરવાને પોતાની સાથે એક કોઠળો લાવેછે. દરેક વર્ગનો હવા દાખલ કરવાને બારી સાથનો, એક સુંદર સ્વચ્છ ઓરડો હોયછે. જો પવન ઘણો સખત ફુંકેછે, તો બારી બંધ કરવામાં આવેછે. છોકરીઓ સઘળી બાજટ ઉપર બેસેછે, પણ જ્યારે વાંચવાનો વખત થાય છે ત્યારે ઉભી થાય છે શિક્ષક ખુરસી ઉપર બેસે છે, અને છોકરીઓને વાંચતાં સાંભળે છે. તે તેઓને આસ્તેથી અને સંભાળથી વાંચવા કહેછે. તે તેઓની પાસે સઘળા અઘરા શબ્દોની જોડણી કરાવેછે. કેટલાક અઘરા શબ્દો તે કાળાં પાટીયાં ઉપર સફેતા વડે લખેછે. છોકરીઓ પાસે દસ્કત શિક્ષક હોય છે, કે જેમાં તેઓ સીસાપેન વડે અથવા કલમ અને શાહી વડે લખેછે, અને તેઓ પાસે પથ્થર પાટી હોય છે, કે જે ઉપર તેઓ લખેછે, અને હિસાબ કરેછે, નિશાળોમાં સ્ત્રી શિક્ષક હોય છે, અને શિક્ષક હોતો નથી. જે કામ શિક્ષક કરેછે, તેજ કામ તેણી કરે છે. છોકરીઓ નિશાળે આવે, તેની આગમજ તેઓ પોતાના હાથ ધુએછે, અને પોતાના બાળ હોરેછે. જુઓ તેઓના હાથ અને આંગળાં કેવાં સ્વચ્છ છે. નિશાળમાં છોકરીઓ સીવવા શીખેછે. તેઓ પાસે ટોપલીઓ હોય છે, કે જેમાં તેઓ પોતાનું સીવવા ભરવાનું તેઓનું કપડું, અને ટાંકણી અને સોય અને દોરો અને કાતર રાખે છે. આપણે

સ્વચ્છ હાથ અને ચહેરા સાથે આપણી જગાએ જઇશું, અને ઘરમાં અને નિશાળે જેમ આપણને કહેવામાં આવે તેમ આપણે કરીશું, અને તેથી આપણે હમેશા સુખી અને હુશિયાર થઇશું કારણ કે શિખ્યા રૂપાં અથવા સોના કરતાં વધારે સારી છે.

31. THE TIGER. વાઘ.

Tiger, *n.* (ટાઇગર) વાઘ.
Those, *adj.* (ધોઝ) તે, પેલાં
Beasts, *n.* (બીસ્ટઝ) પશુઓ
Forest, *n.* (ફૉરેસ્ટ) જંગલ
Wild, *adj.* (ઉવાઇલ્ડ) જંગલી
Fierce, *adj.* (ફિયર્સ) ઝનુની
High, *adj.* (હાઇ) ઉંચો
Skin, *n.* (સ્કિન)ચામડી [ભરાયલી
Covered, *p. p.* (કવર્ડ) ઢંકાયલી,
Other, *adj.* (અધર) બીજાં
Afraid, *adj.* (અફ્રેડ) બીધેલાં
Smell, *v. t.* (સ્મેલ) વાસ આવેછે
Anywhere, *ad.* (ઍનિઉવ્હેર)કહેંથી
To get away, *inf.* (ટુ ગેટ અવે) નાસી જવું.
Blow, *n.* (બ્લો) ફટકો
Paw, *n.* (પૉ) પંજો [નાખી શકેછે
Can kill, *v. t.* (કૅન કિલ) મારી
Looking for, *pr. p.* (લુકિંગ ફૉર) શોધતો
Catches, *v. t.* (કૅચિઝ) પકડેછે

Deer, *n.* (ડિયર) હરણ [કોઇ વાર
Sometimes, *ad.*(સમટાઇમ્ઝ)કોઇ
Villages, *n.* (વિલેજીસ) ગામડાં
Men, *n.* (મેન) માણસો
Just *ad.* (જસ્ટ) બરાબર
Cat, *n.* (કૅટ) બીલાડી
Carries, off, *v. t.* (કૅરિઝ ઑફ) ઘસડી જાયછે.
Bird, *n.* (બર્ડ) પક્ષી
Rat, *n.* (રૅટ) ઉંદર
Sharp, *adj.* (શાર્પ) તીક્ષણ
Teeth, *n.* (ટીથ) દાંત
Claws, *n.* (ક્લૉઝ) નખ
Can pull, *v. t.*(કૅન પુલ)ખેંચીશકેછે
Can move, *v. i.*(કૅનમુવ)ચાલી શકેછે
Over, *prep.* (ઓવર) ઉપર
Quietly, *ad.* (ક્વાએટલિ) ગુપચુપ
Noise, *n.* (નૉઇઝ) અવાજ
So that, *conj.* (સો ધૅટ) જેથી કરીને
Close to, (ક્લોસ ટુ) પાસે
Mice, *n.* (માઇસ) ઉંદરો

જે પશુઓ જંગલમાં રહે છે, તેને આપણે જંગલી પશુ કહીયે છીયે. સઘળાં જંગલી પશુઓમાં વાઘ સર્વથી ઝનુની છે. તે મોટો અને ભારે અને ઘણો જોરાવર છે. તે છથી આઠ ફીટ લાંબો, અને આશરે સાડા ત્રણ ફીટ ઉંચો છે. તેને ટુંકા બાળથી ભરાયલી, સુંદર પીળી અને કાળી ચામડી હોય છે. બીજાં સઘળા

પશુઓ વાઘથી બીએછે, અને જો તેઓ તેને આવતાં જુએછે અથવા સાંભળેછે, અથવા કેઠે નજદીકમાં તેનો વાસ આવે છે, તો તેઓ નાસી જાય છે. પણ તે એટલો તો ઝડપથી દોડેછે કે એક વાઘ આગળથી નાસી જવું ઘણું મુશ્કેલ છે. પોતાના ભારે પંજાના એક ફટકાથી તે એક બળદને મારી શકેછે. વાઘ જંગલમાં રહેછે. તે દિવસે ઉંઘાય છે. અને રાત્રે ખોરાકની શોધમાં આમ તેમ ફરેછે. તે હરણ અને જંગલનાં બજાં પશુઓ પકડે છે. કોઇ કોઇ વાર વાઘ ગામડામાં આવે છે, અને ગાય અને બળદને મારી નાખે છે. કોઇ કોઇ વાર તેઓ માણસને મારી નાખે છે. વાઘ બરાબર એક ઘણી મોટી ભારે બિલાડીના જેવો છે. એક બિલાડીના અને એક વાઘના ચિત્ર તરફ જુઓ, અને જુઓ કે એક બીજાને કેટલું મળતું છે. જેમ એક બિલાડી એક પક્ષી અથવા એક ઉંદરને પકડીને ઘસડી લઇ જાય છે, તેમ એક વાઘ એક બળદ અથવા હરણને પકડીને ઘસડી લઇ જાય છે. તેને મોટા તીક્ષણ દાંત અને નખ હોય છે. જેમ એક બિલાડી પોતાના નખ પોતાના પંજામાં પાછાં ખેંચી લઇ શકેછે, તેમ તે કરી શકેછે, કે જેથી કરીને તે જંગલમાં પાંદડાં ઉપર ગુપચુપ ચાલી શકેછે. તે કાંઇ પણ અવાજ કરેતો નથી કે જેથી કરીને હરણ તેને જોય તની આગમજ તે તેની નજદીક જઇ શકેછે. વાઘ એક મોટી ભારે જંગલી બિલાડી છે. બિલાડી ઉંદરો અને પક્ષીઓને મારે છે, વાઘ પશુઓને મારી નાખે છે.

35. THE NAUGHTY BOY. ખરાબ છોકરો.

Naughty, *adj.* (નૉટી) ખરાબ; દુષ્ટ
Well, *n.* (વેલ) કુવો
To help, *inf.* (ટુ હેલ્પ) મદદ કરવાને
Think, *v. t.* (થિંક) વિચારવું
Did, *v. t.* (ડિડ) કીધું
Behind, *prep.* (બિહાઇંન્ડ) પછવાડે
Pushed, *v. t.* (પુશ્ડ) આચકો માર્યો
Fell, *v. i.* (ફેલ) પડી ગયું
Down, *ad.* (ડાઉન) નીચે
Broke, *v. i.* (બ્રોક) ભાંગી ગયો
Stood, *v. i.* (સ્ટુડ) ઉભો રહયો
Laughing, *pr. p.* (લાફિંગ) હસતો
Poor, *adj.* (પુઅર) ગરીબ

Little, *adj.* (લિટલ) નાની
Began, *v. t.* (બિગૅન) શરૂ કીધું
To cry, *inf.* (ટુ ક્રાઇ) રડવું
Because, *conj.* (બિકૉઝ) કારણ કે
Would be, *v. i.* (વુડ બિ) થશે
Angry, *adj.* (ઍન્ગ્રિ) ગુસ્સે
Ought, *v. i.* (ઑટ) જોઇએ
To tease, *inf.* (ટુ ટીઝ) પજવવું
Should try, *v. t.* (શુડ ટ્રાઇ) કોશેશ કરવી જોઇએ
To please, *inf.* (ટુ પ્લીઝ) રાજી કરવું
Always, *ad.* (ઑલવેઝ) હમેશાં
Ready, *adj.* (રેડી) તૈયાર

Polite, *adj.* (પોલાઇટ) સભ્યતાવાળા
Give, *v. t.* (ગિવ) આપો
Want, *v. t.* (ઉૉન્ટ)માંગવું જોઇએ
Sir, *n.* (સર) સાહેબ
Gentleman, *n.* (જેન્ટલમન)ગ્રહસ્થ
Ma'am, *n.* (મૅમ) બાઇ
Madam, *n.* (મૅડમ) બાઇ
Lady, *n.* (લેડિ) સ્ત્રી, બાઇ
Good-morning, *n.*(ગુડ-મૉરનિંગ) સહવારની સલામ, સાહેબજી
Leave, *v. t.* (લીવ) છોડો
Good-night, *n.* (ગુડ-નાઇટ)રાતની સલામ, સાહેબજી.
Part, *v. i.* (પાર્ટ) છુટા પડો
Friend, *n.* (ફ્રેન્ડ) દોસ્તદાર
Good-bye, *n.* (ગુડ-બાઇ)સાહેબજી છુટા પડતી વખતની સલામ
Meet, *v. t.* (મીટ) મળવું
Good-evening, *n.* (ગુડ ઇવનિંગ) સાંજની સલામ

એક નાની છોકરી આજે સહવારે પોતાની માયને માટે થોડુંક પાણી લાવવા કુવા ઉપર ગઈ. તેણીનો ભાઇ તેણીને મદદ કરવાને તેણીની સાથે ગયો. પણ તમે શું ધારો છો કે તે ખરાબ છોકરાએ શું કીધું? જ્યારે તે પોતાની બહેનની પછવાડે ચાલતો હતો, ત્યારે તેણે તેણીને આચકો માર્યો કે જેથી તે ઘડો નીચે પડી ગયો, અને ભાગીને કકડે કકડા થઇ ગયો. ત્યારપછી તે પોતાની ગરીબ નાની બહેન, તરફ હસતો ઉભો રહયો, કે જેણીએ રડવા માડયું, કારણ કે તેણી બીહીતી હતી કે તે તેણીની માય તેણીની સાથે ગુસ્સે થશે. આપણે આપણા ભાઇ બહેન તરફ માયાળુ થવું જોઇએ. આપણે તેઓને પજવવાં જોઇએ નહિ. આપણે તેઓને રાજી કરવાને કોશેશ કરવી જોઇએ. તેઓને મદદ કરવાને આપણે હમેશાં તૈયાર રહેવું જોઇએ, અને આપણને દરેક જણ તરફ સભ્યતાવાળા થવું જોઇએ જ્યારે આપણે કાંઇ ચીજ માગ્યે, ત્યારે આપણને એમ નહિ કહેવું જોઇએ કે 'આ મને આપો,' પણ 'જો તમારી મરજી પડે તો, 'અથવા મહેરબાની કરીને આ મને આપો' અને જ્યારે આપણને કાંઇ ચીજ નહિ જોઇતી હોય, ત્યારે આપણને કહેવું જોઇએ, 'નહિ. તમારો ઉપકાર થયો.' જ્યારે આપણે એક ગ્રહસ્થ સાથે વાત કર્યે, ત્યારે આપણે હમેશાં 'સાહેબ' કરીને કહેવુ જોઇએ, અને જ્યારે આપણે એક બાનું સાથે વાત કર્યે, ત્યારે 'બાઈ' અથવા 'બાનુ' કરીને કહેવું જોઇએ. જ્યારે તમે સહવારના પહેલ વહેલાં તમારા બાવા, અથવા માય અથવા બહેન અથવા ભાઇને જુઓ, ત્યારે 'સાહેબજી' કરીને બોલજો. અને જ્યારે તમે રાત્રે સુઇ જાઓ, ત્યારે તેઓને રાતની સલામ કરજો. જ્યારે તમે એક દોસ્ત-

ઘરથી છુટા પડો, ત્યારે ગુડબાઇ, કરીને કહેજો. નિશાળમાં, જ્યારે તમે તમારા શિક્ષકને મળો, ત્યારે 'સાહેબજી, સાહેબ' કરીને કહેજો, અને જયારે તમે નિશાળ-માંથી જાઓ, ત્યારે 'સાહેબજી, સાહેબ' કરીને કહેજો.

BE POLITE. સભ્યતાવાળા થજો.

Everyone, *adj.* (એવરિવન) દરેકજણ Yes, *ad.* (યેસ) હા.

ભલા નાના છોકરાઓએ કદી એમ નહિ કહેવું કે હું કરીશ, અથવા મને આ આપો. નહિ, તે બિલકુલ રીત નથી, હંમેશા કહેજો, 'જો તમારી મરજી પડે તો,' 'જો તમારી મરજી પડે તો,' એમ દરેક જણને કહેજો, અને એક ગ્રહસ્થને 'હા સાહેબ,' કહેજો, અને એક બાનુને 'હા, બાઇ' કહેજો.

36. THE MOON. ચંદ્રમાં.

Mocn, *n.* (મૂન) ચંદ્રમાં
Sun, *n.* (સન) સુરજ
Light, *n.* (લાઇટ) રોશની
Stars, *n.* (સ્ટારઝ)તારાઓ[ચંદ્રમાં
Full moon, *n.* (ફુલ મુન)પુનમનો
Shining *pr. p.*(શાઈનિંગ)પ્રકાશતો
Lighting up, *pr. p.*(લાઇટિંગઅપ) રોશની આપતો
Black, *adj.* (બ્લૅક) કાળાં
Clouds, *n.* (કલાઉડઝ) વાદળાં
River, *n.* (રિવર) નદી
Below, *ad.* (બિલો) નીચે
Bright, *adj.* (બ્રાઇટ) પ્રકાશતાં
Moon-light, *n.* (મૂન-લાઇટ)ચંદ્ર-માંની રોશની
Brightly, *ad.* (બ્રાઇટલિ)તેજથી
Filling, *pr p.* (ફિલિંગ)ભરીનાખતો
Earth, *n.* (અર્થ) પૃથ્વી

સુરજ આપણને દિવસે રોશની આપે છે, અને ચંદ્રમાં આપણને રાત્રે રોશની આપેછે. જો ચંદ્રમા અને તારા ન હતે તો રાતના તદન અંધારૂં થતે. અહિયાં તમે પુનમના ચંદ્રને આકાશમાં પ્રકાશતો, અને કાળાં વાદળાંને રોશની આપતો જુઓછો. હેઠે નદીમાંનું પાણી ચંદ્રની રોશનીમાં પ્રકાશતું દેખાયછે, અને જંગલ-માંના ઝાડો કાળાં દેખાયછે. ચંદ્રની રોશની સુરજની રોશની જેવી પ્રકાશતી નથી. આખી પૃથ્વીને રોશનીથી ભરી નાખતો ચંદ્ર રાત્રે તેજથી પ્રકાશેછે.

37. FLOWERS. ફુલો.

Flowers, *n.* (ફ્લાવરઝ) ફુલો
Around, *prep.*(અરાઉન્ડ)આસપાસ
Prettiest, *adj.* (પ્રિટિએસ્ટ)સૌથી સુંદર

Rose, *n.* (રોઝ) ગુલાબ
Is called, *v. t.* (ઇઝ કૉલ્ડ) કહેછે
Smell, *n.* (સ્મેલ) સોડમ [તેમજ
As well as, *ad.* (ઍઝ ઉવેલ ઍઝ)
Drop, *n.* (ડ્રૉપ) ટીપું
Dew, *n.* (ડ્યુ) ડગ
Has fallen, *v.i.* (હૅઝ ફૅાલન) પડ્યું છે

Bud, *n.* (બડ) કળી
Bigger, *adj.* (બિગર) વધારે મોટી
At last, *ad.* (ઍટ લાસ્ટ) આખરે
Opens, *v. i.* (ઓપન્ઝ) ખીલેછે
Blue, *adj.* (બ્લુ) આસ્માની
Soft, *ad.* (સૉફ્ટ) ધીમેથી

આપણી આસપાસ જે સઘળી સુંદર ચીજો આપણે જોઇએ છીયે, તેમાં ફુલ, સૌથી સુંદર ચીજોમાનાં થોડાંક છે. અને સઘળાં ફુલોમાં ગુલાબ સર્વથી સરસ છે. તેને ફુલની રાણી કહેછે. કેટલાંક ઘણા સુંદર ફુલોને કાંઇ સોડમ હોતો નથી. પણ ગુલાબનો ઘણો મીઠો સોડમ આવેછે તેમજ ઘણું સુંદર દેખાયછે. લાલ ગુલાબ, અને સફેદ ગુલાબ, અને પીળા ગુલાબ હોય છે તેઓને લીલાં પાંદડાં હોય છે. પાંદડાં ઉપર તમે ડગના એક બે ટીપાં જુઓછો, કે જે રાતના પડેલું હોય છે. પહેલા વહેલાં એક નાની કળી હોય છે, જે વધારે અને વધારે મોટી થાય છે. આખરે તે ખીલે છે, અને આપણે ફુલ જોઇએ છીયે. ગુલાબ લાલ છે, આકાશ આસમાની છે, લીલાં ઘાસ ઉપર ડગ ધીમેથી પડેછે.

૩૯. THE BOAT. મછવો.

Boat, *n.* (બોટ) મછવો
Deep, *adj.* (ડીપ) ઉંડી
River, *n.* (રિવર) નદી [શકીયે
Can cross, *v.t.* (કૅન-ક્રૉસ)ઓળંગી
On foot, પગે ચાલીને
Bridge, *n.* (બ્રિજ) પુલ [નાકે
Across, *ad* (ઍક્રૉસ)એકનાકેથીબીજે
Road, *n.* (રોડ) રસ્તો
Runs, *v. i.* (રન્ઝ) વહેછે [નીચે
Underneath, *prep.* (અંડરનીથ)
Banks, *n.* (બૅન્કઝ) કિનારા.
Between, *prep.* (બિટવીન) વચ્ચે

Flow, *v. i.* (ફ્લો) વહેછે
Land, *n.* (લૅન્ડ) જમીન
Falls, *v. i.* (ફૉલ્ઝ) પડેછે
Clouds, *n.* (ક્લાઉડ્ઝ) વાદળાં
Tied, *p. p.* (ટાઇડ) બાંધેલી[કના
Nearer, *adj.* (નિયરર) વધારેનજદીક
Wood, *n.* (વુડ) લાકડું
Floats, *v. i.* (ફ્લોટસ) તરેછે
Rooms, *n.* (રૂમ્ઝ) ઓરડા
Doors, *n.* (ડોરઝ) દરવાજા
Cool, *adj.* (કુલ) ઠંડકવાળું
Ladder, *n.* (લૅડર) દાદર

Steps, *n.* (સ્ટેપ્સ) પગથીઆં
Through, *prep.* (થ્રુ) માંથી
Push, *v. t.* (પુશ) આચકો મારેછે
Poles, *n.* (પોલ્ઝ) વાંસ
Boatman, *n.* (બોટમન) હોડીવાળો
Shadow, *n.* (શૅડો) ઓળો
Another, *adj.* (અનધર) બીજી
Upside down, ઉંધી

આ પાણીથી ભરેલી એક ઉંડી નદી છે. આપણે પગે ચાલીને તે ઓળંગી શકીયે નહિ. પણ નજદીકમાં એક પુલ છે, કે જે તદન એક નાકેથી બીજે નાકે જાયછે. જાણે કે તે રસ્તો હોય તેમ તે તમે પુલ ઉપરથી નદી ઉપર ચાલી શકો. તે ઉપર તમે હમણા કેટલાંક માણસોને ચાલતાં જોશો. તે નદી તે પુલની હેઠે વહેછે. નદીની બેઉ બાજુઓને કિનારા કહેછે. તે કિનારાઓની વચ્ચે પાણી વહેછે. નદી ક્યાં વહેછે? સઘળી નદીઓ જમીન ઉપર વહે છે, અને આખરે દરિયામાં જાય છે. નદીમાંનું સઘળું પાણી ક્યાંથી આવેછે? તે વાદળમાંથી જમીન ઉપર પડેછે, અને નદીમાં વહેછે. વધારે નજદીકના કિનારા સાથે બાંધેલો પેલો કેવો સુંદર મોટો મછવો છે? તે એક લાકડાનાં બનાવેલાં નાના ઘર જેવું છે, અને તે પાણી ઉપર તરે છે. તેની અંદર બારણા બારી સાથના ઓરડા છે. ચાર બારી ઉંઘાડી છે. અને સાત બંધ છે. દરવાજો ઉંઘાડો છે! તે મછવાને મથાળે હું બે ખુરસી જોઉં છું. તે શાને માટે છે? તે જ્યારે સુરજ અસ્ત પામેછે, અને ઠંડક હોય છે, ત્યારે સાંજના તે મછવામાંના ઉતરૂઓને માટે બેસવા વાસ્તે છે. તમે એક ટુંકા દાદર મારફતે મથાળે જઈ શકો તેને ત્રણ પગથીઆં છે. મથાળેની સીડી ઉપર એક માણસ બેઠો છે. તે મછવાને એક દોરડાંથી કિનારા સાથે બાંધવામાં આવ્યો છે. મછવો પાણીમાં શાથી ચાલેછે? માણસો તેને વાંસ વડે હડસેલે છે. હમણા તે મછવાને મથાળે, એક મછવાવાળો પોતાના હાથમાં એક વાંસ લઇને ઉભો છે. તે મછવાની હેઠે પાણીમાં પેલી કાળી ચીજ શું છે? તે પેલા મછવાનો ઓળો છે. તે એક બીજા ઉંધા મછવા જેવો દેખાય છે. તે નદીનાં બીજા કિનારાની પાસે, ઘણે દુર, હું આના જેવો એક બીજો મછવો જોઇ શકું છું. વરસાદ નદીઓ ભરી નાખેછે નદીઓ દરિયામાં વહેછે.

39. FRUIT. ફળ.

Fruit, *n.* (ફ્રુટ) ફળ
Name, *inf.* (નેમ) નામ કહેવા
Right, *n.* (રાઇટ) જમણી ગમ
Left, *n.* (લેફ્ટ) ડાબી બાજુ
Grapes, *n.* (ગ્રેપ્ઝ) દ્રાક્ષ[અનેનાસ
Pine-apples, *n.* (પાઇન-ઍપલ્ઝ)

Cashewnuts, *n.* (કૅશ્યુ-નટઝ) કાજુ
Pomegranate, *n.* (પોમગ્રેનેટ) દાડમ
Custard-apple, *n.* (કસ્ટર્ડ-ઍપલ) સિતાફળ
Plantains, *n.* (પ્લૅનટેન્ઝ) કેળાં
Mangoes, *n.* (મૅન્ગોઝ) કેરી
Papaya, *n.* (પૅપાયા) પપાઉ
Guavas, *n.* (ગુઆવાજ) જમરૂખ
Orange, *n.* (ઑરેન્જ) નારંગી
Room, *n.* (રૂમ) જગા
By itself, એકલી

અહિયાં તમારે માટે કાંઈ ઘણું સારૂં છે. ફળથી ભરેલી એક સુંદર મોટી ટોપલી. તે સઘળા શું છે, તે તમે મને કહી શકશો? ચાલો આપણે તેના જમણી ગમથી ડાબી ગમ નામ દઈએ. તેમાં દ્રાક્ષ, અનેનાસ, કાજુ, દાડમ, સીતાફળ, રાતાં કેળાં, કેરી, લીલું નાળીયર, પપાઉ, પીળાં કેળાં, અને છેક છેલ્લાં ત્રણ જમરૂખ છે. મને કાંઇ નારંગી દેખાતી નથી. ટોપલીમાં નારંગીને માટે જગા ન હતી. તેથી હમે તેને તદન એકલી મુકી.

40. THE LITTLE BOY'S GOOD-NIGHT.

નાના છોકરાની રાતની સલામ.

No longer, *ad.* (નો લૉન્ગર) વધારે વાર નહિ
To peep, *inf.* (પીપ) ચીમાઇને જોવું
Asleep, *adj.* (ઍસ્લીપ) ઉંઘાયલા
Darling, *adj.* (ડારલિંગ) વહાલાં
Couldsing, *v.i.* (કુડસિંગ) ગાઇ શકતે
Shine, *v. i.* (શાઇન) પ્રકાશો છો
Awake, *adj.* (અઉવેક) જાગતા
Kiss, *v. t.* (કિસ) બોકી લેઓ
Son, *n.* (સન) દીકરો

સુરજ વધારે વાર પોતાની રોશની આપતો નથી, તારાઓ ચીમાઇને જોવા માંડેછે, બધાંઓને રાતની સલામ કહેવાનો વખત થયો છે। પક્ષીઓ સઘળાં ઉંઘાયલા છે. તમે વહાલાં નાના પક્ષી, રાતની સલામ। સહવારની રોશની સુધી બરાબર ઉંઘાજો, મારી ખાતરી છે કે જો તમે શબ્દોમાં ગાઈ શકતે, તો તમે કહેતે કે રાતની સલામ। રાતની સલામ। મારાં સુંદર ફુલો, રાતની સલામ। તમે ઉંઘાઇ શકો નહિ। અને તમે સઘળા તારાઓ, જેઓ રાત્રે એટલા તેજથી પ્રકાશોછો, તમે આખી રાત જાગતા રહો છો। રાતની સલામ। મારાં વહાલાં બાપ, માય. હવે તમારા નાના દીકરાને બોકી લેઓ, મારા બન્ને દુરના અને નજદીકના મિત્રો રાતની સલામ। દરેક જણને રાતની સલામ.

FINIS.